dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 228 | AD - 2025, Vaishakh Vad - 11 | Friday, Dt.23-05-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે પાકિસ્તાને દરેક આતંકવાદી હુમલાની ભારે કિંમત ચૂકવવી પડશે, આ કિંમત પાકિસ્તાનની સેના અને એની અર્થવ્યવસ્થા ચૂકવશે**

## દુનિયાએ જોયું જ્યારે સિંદૂર બારુદમાં ફેરવાય છે ત્યારે શું થાય છે : મોદી

બિકાનેર,તા.૨૨

ઓપરેશન સિંદૂર પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પહેલીવાર બિકાનેર આવ્યા હતા. જિલ્લા મુખ્યાલયથી ૨૨ કિમી દૂર દેશનોકના પલાણામાં આયોજિત સભામાં મોદીએ લગભગ ૪૦ મિનિટ સુધી ભાષણ આપ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે પાકિસ્તાનની દરેક કાર્યવાહીનો યોગ્ય જવાબ આપવામાં આવશે.ભારતીયોના જીવન સાથે રમત રમનારાઓને બિલકુલ બક્ષવામાં આવશે નહીં. ભારત પરમાણુ બોમ્બના ભયથી ડરશે નહીં. જેમણે ભારતનું લોહી વહેવડાવ્યું છે તેમને તેના દરેક ટીપાની કિંમત ચૂકવવી પડશે. ગુરુવારે વડાપ્રધાન મોદીએ પાકિસ્તાન સરહદ નજીક દેશનોકથી દેશનાં ૧૦૩ રેલવે સ્ટેશનોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. બિકાનેર-બાંદ્રા ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ સાથે ૨૬ હજાર કરોડ રૂપિયાનાં અન્ય વિકાસકાર્યોનો શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન પણ કરવામાં આવ્યું હતું. બિકાનેરના નાલ એરબેઝથી મોદી સીધા કરણી માતા મંદિર ગયા અને પ્રાર્થના કરી હતી. અહીંથી તેઓ જાહેરસભાને સંબોધવા માટે પલાણા ગામ પહોંચ્યા બાદ તેમણે જણાવ્યું હતું કે ૨૨ એપ્રિલના રોજ આતંકવાદીઓએ અમારી બહેનોનો ધર્મ પૂછીને તેમનું સિંદૂર ઉજાડ્યું હતું. પહેલગામમાં ગોળીઓ ચલાવવામાં આવી હતી, એ ગોળીઓ ૧૪૦ કરોડ દેશવાસીનાં હૃદયને વીંધી ગઈ હતી. ત્રણેય દળોને છૂટ આપવામાં આવી હતી અને તેમણે પાકિસ્તાનને ઘૂંટણિયે પડવા મજબૂર કર્યું. પહેલગામ હુમલાના જવાબમાં અમે ૨૨ મિનિટમાં ૯ સૌથી મોટા આતંકવાદી ઠેકાણાંનો



નાશ કર્યો હતો. દુનિયાએ જોયું કે જ્યારે સિંદૂર બારુદમાં ફેરવાય છે ત્યારે શું થાય છે. પાંચ વર્ષ પહેલાં દેશે બાલાકોટમાં હવાઈ હુમલો કર્યો હતો. ત્યાર બાદ મારી પહેલી જાહેરસભા રાજસ્થાનમાં યોજાઈ. આ બહાદુર ભૂમિની તપસ્યાને કારણે જ ફરી એકવાર એવો સંયોગ બન્યો છે કે ઓપરેશન સિંદૂર પછી બિકાનેરમાં બેઠક યોજાઈ રહી છે. ઓપરેશન સિંદૂરમાં આતંકવાદનો સામનો કરવા માટે ત્રણ સિદ્ધાંત નિર્ધારિત કરાયા હતા. પ્રથમ, જો ભારત પર આતંકવાદી હુમલો થશે તો યોગ્ય જવાબ આપવામાં આવશે. સમય અમારા દળો દ્વારા નક્કી કરવામાં આવશે, પદ્ધતિ પણ અમારા દળો દ્વારા નક્કી કરવામાં આવશે. બીજું, ભારત પરમાણુ બોમ્બના ભયથી ડરવાનું નથી. ત્રીજું, અમે આતંકના માસ્ટર્સ અને આતંકને પ્રોત્સાહન આપતી સરકારને અલગથી જોઈશું નહીં, અમે તેમને સમાન ગણીશું. પાકિસ્તાન ક્યારેય ભારત સામે સીધું યુદ્ધ જીતી શકશે નહીં. એટલા માટે આતંકવાદને ભારત વિરુદ્ધ હથિયાર બનાવવામાં આવ્યો છે. પાકિસ્તાન એક વાત ભૂલી ગયું છે કે હવે ભારત માતાના સેવક મોદી અહીં માથું ઊંચું કરીને ઊભા છે. મોદીનું મન ઠંડું છે, ઠંડુ રહે છે, પણ મોદીનું લોહી ગરમ છે. હવે મોદીની નસોમાં લોહી નહીં, પણ ગરમ સિંદૂર વહે છે. ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે પાકિસ્તાને દરેક આતંકવાદી હુમલાની ભારે કિંમત ચૂકવવી પડશે. આ કિંમત પાકિસ્તાનની સેના અને એની અર્થવ્યવસ્થા ચૂકવશે. જો પાકિસ્તાન સાથે વાતચીત થશે તો એ ફક્ત પીઓકે અને આતંકવાદ પર જ થશે. ભારતીયોના લોહી સાથે રમવાનું પાકિસ્તાનને મોંઘું પડશે, આ ભારતનો સંકલ્પ છે. દુનિયાની કોઈપણ શક્તિ અમને આ સંકલ્પથી રોકી શકશે નહીં. હું બિકાનેરના નાલ એરબેઝ પર ઊતર્યો. પાકિસ્તાને પણ આને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. તે આ એરબેઝને સહેજ પણ નુકસાન પહોંચાડી શક્યું નહીં. પાકિસ્તાનનું રહીમયાર ખાન એરબેઝ અહીંથી થોડે દૂર છે. એ ICUમાં પડેલું છે. વિકસિત ભારત માટે સુરક્ષા અને સમૃદ્ધિ બંને જરૂરી છે, આ ત્યારે જ શક્ય બનશે જ્યારે ભારતનો દરેક ખૂણો મજબૂત બને છે.

## યુપીમાં વાવાઝોડા સાથે વરસાદ : ૨૦ લોકોના મોત

ન્યૂ દિલ્હી,તા.૨૨

હવામાન વિભાગે આજે રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિત દેશના ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વાવાઝોડાનું એલર્ટ આપ્યું છે. અહીં હળવાથી લઈને ભારે વરસાદ પડી શકે છે. જોકે, આ રાજ્યોના કેટલાક ભાગોમાં તીવ્ર ગરમીની ચેતવણી પણ આપવામાં આવી છે. બુધવારે સાંજે ઉત્તર પ્રદેશમાં અચાનક હવામાન બદલાયું હતું. મેરઠ, આગ્રા સહિત ૧૨ શહેરોમાં ભારે



વાવાઝોડા સાથે વરસાદ પડ્યો હતો. ૧૧ જિલ્લામાં વીજળી પડવાથી, ઝાડ પડવાથી અને દિવાલ પડવાથી ૨૦ લોકોના મોત થયા છે. આજે પણ રાજ્યના ૩૯ જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ છે. બુધવારે છત્તીસગઢમાં વીજળી પડવાથી ચાર લોકોના મોત થયા હતા. બલરામપુરમાં પિતા અને પુત્ર સહિત ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા અને એમસીબી જિલ્લામાં એક ગ્રામજનોનું મોત થયું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે ૧૦ જિલ્લામાં વાવાઝોડા અને વરસાદ માટે ઓરેન્જ એલર્ટ છે. દિલ્હી-એનસીઆરમાં, બુધવારે સાંજે લગભગ ૮ વાગ્યે વાવાઝોડા સાથે ભારે વરસાદ પડ્યો અને કેટલાક સ્થળોએ કરા પણ પડ્યા હતા. ભારે વાવાઝોડાને કારણે ઘણી જગ્યાએ વૃક્ષો અને વીજળીના થાંભલા પડી ગયા

**ખરાબ હવામાનને કારણે ૫૦થી વધુ ફ્લાઈટ મોડી પડી**

હતા, જેના કારણે રસ્તાઓ પર ટ્રાફિક જામ થયો હતો. વાવાઝોડુ અને વરસાદમાં બે લોકોના મોત પણ થયા હતા, જ્યારે ઓછામાં ઓછા ૧૧ લોકો ઘાયલ થયા હતા. ખરાબ હવામાનને કારણે દિલ્હી મેટ્રો સેવાને પણ અસર થઈ હતી, જ્યારે ૫૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી.

## જમ્મુ-કાશ્મીરમાં બે આતંકીઓને જહન્નમમાં પહોચાડતું સુરક્ષાદળ

શ્રીનગર,તા.૨૨

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે વહેલી સવારથી ચાલુ અથડામણમાં બે આતંકવાદીઓ ઠાર થયા હોવાના અહેવાલો મળ્યા છે. સુરક્ષા દળોએ કિશ્તવાડના સિંહપોરા, ચટરૂ વિસ્તારમાં અનેક આતંકવાદીઓને ઘેર્યા હતા. સેના અને સુરક્ષા દળોનું સંયુક્ત અભિયાન હાલ ચાલુ છે. કિશ્તવાડ વિસ્તારમાં મોટાપાયે સર્ચ ઓપરેશન ચાલુ છે. માર્યા ગયેલા આતંકવાદીઓ જૈશ-એ-મોહમ્મદના હોવાનું પ્રારંભિક ધોરણે જાણવા મળ્યું છે. હાઈ એલર્ટ ઓપરેશનમાં આજે વહેલી સવારે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર શરૂ થયો હતો.


















સંજોગ ન્યૂઝ

# આપણું અમરેલી



શુક્રવાર, તા. ૨૩-૦૫-૨૦૨૫

## બાબરામાં પોલીસના આશીર્વાદથી માંગો ત્યારે દારૂ મળતો હોવાની રાવ


તસવીર : દિપક કનૈયા

બાબરા,તા.૨૨

બાબરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે. રેસિડેન્ટ વિસ્તારમાંથી દારૂની ખાલી બોટલો મળી આવતા ખુલ્લેઆમ દારૂના વેચાણનો પર્દાફાશ થયો છે. છેલ્લા ત્રણ મહિનાથી ઈંગ્લિશ દારૂનું વેચાણ બેરોકટોક ચાલી રહ્યું છે, જાણે કે 'અંધેરી નગરી ને ગંડુ રાજા' જેવી પરિસ્થિતિનું નિર્માણ થયુ છે. બુટલેગરો ખુલ્લેઆમ દૂધની ડેરીની જેમ દારૂ વેચી રહ્યા છે, અને દેશી દારૂ તો ઘરોમાં પીવાય છે. પોલીસ તંત્રના આશીર્વાદથી દારૂની ગમે ત્યાં ડિલિવરી થાય છે. પોલીસ માત્ર પૈસાના વહીવટમાં જ વ્યસ્ત હોવાનો લોકો આક્ષેપ કરી રહ્યા છે. આ બાબતે અનેકવાર પોલીસનું ધ્યાન દોરવા છતાં પોલીસ દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી તેવુ લોકો જણાવી રહ્યા છે. પોલીસની ઢીલી નીતિને કારણે બુટલેગરો સક્રિય થયા હોવાથી પોલીસની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

### PGVCLનાં ધાંધિયાથી લોકોમાં નારાજગી

## અમરેલીમાં અંધારપટ છવાયો, રાત્રે વીજળી ન હોવાથી લોકો પરેશાન



અમરેલી, તા.૨૨

અમરેલી શહેરમાં ગત રાત્રિના સમયે વીજળી નહીં હોવાથી લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી વીજ તારમાં ખામી હોવાના કારણે વારંવાર વીજળી જાય છે, આથી કામકાજમાં અને રાત્રે આરામમાં ખલેલ પહોંચે છે. માણેકપરા વિસ્તારના કેટલાક રહીશો રાત્રે ૧૦ વાગે PGVCL ઓફિસે ફરિયાદ કરવા ગયા હતા. ત્યાં હાજર કર્મચારીઓએ કહ્યું કે "રાત છે અત્યારે સાહેબ કોઈ નહીં હોય, હવે તો કંઈ નહીં થાય, સવારે આવી ને ફરિયાદ આપજો, સવારે કરી આપીશું" પરંતુ રહીશોએ ઉચ્ચ અધિકારીને ફોન કર્યો, ત્યારબાદ રાત્રે લગભગ ૧:૩૦ વાગ્યે PGVCLની ટીમ આવી અને રિપેરિંગ કામ શરૂ કર્યું હતું. ઉનાળાનો સમય હોવાથી રાત્રે લાઈટ ન રહેતાં લોકો ઘરની અંદર રહેવા બદલે ઠંડક માટે બહાર રોડ પર બેસવા મજબૂર બન્યા હતા. ચાલુ દિવસોમાં અવારનવાર PGVCL દ્વારા જાણ કર્યા વિના જ લાઈટ કાપવામાં આવે છે. કલાકો સુધી લાઈટો નથી આવતી જેના કારણે ધંધા રોજગારમાં તેની અસર જોવા મળે છે. ચોમાસા પહેલા PGVCL દ્વારા પ્રીમોન્સુનની કામગીરી કરવામાં આવે છે કે નહીં તે પણ એક પ્રશ્ન ઉભો થયો છે, જો કામગીરી થઈ હોય તો આવી સ્થિતિ ના જોવા મળે.

## અમરેલીમાં ૨૭ મે સુધી ભારે વરસાદની આગાહી: તંત્ર એલર્ટ

અમરેલી, તા.૨૨

અમદાવાદ IMD દ્વારા અમરેલી જિલ્લામાં તા. ૨૭ મે, ૨૦૨૫ સુધી છૂટાંછવાયા સ્થળોએ મધ્યમ મેઘગર્જના સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આને પગલે તા. ૨૮ મે સુધી ઓરેન્જ અને યેલો એલર્ટ જાહેર કરાયું છે. અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટએ લોકોને સાવચેતીનાં પગલાં લેવા અનુરોધ કર્યો છે. લો-લાઈન કોઝ વે, નદી-નાળા અને નીચાણવાળા વિસ્તારોમાં અવરજવર ટાળવા, માછીમારોને દરિયો ન ખેડવા, અને સગર્ભા સ્ત્રીઓને સલામત સ્થળે ખસેડવા સૂચના અપાઈ છે. આરોગ્ય વિભાગને દવાઓનો પૂરતો જથ્થો રાખવા, વીજ પુરવઠો જાળવવા અને આવશ્યક ચીજવસ્તુઓનો સંગ્રહ કરવા પણ જણાવાયું છે. ભયજનક મકાનો ઉતારી લેવા અને આશ્રયસ્થાનોમાં સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તંત્ર કટિબદ્ધ છે.

## બગસરાના લુંઘીયા ગામેથી પોલીસ દ્વારા રૂ. ૨.૫૨ લાખનો દારૂ ઝડપાયો


તસવીર : હાર્દિક બામટા

બગસરા, તા.૨૨

બગસરા અને આસપાસના વિસ્તારોમાં દારૂનું વેચાણ વધતાં બગસરા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. બાતમીના આધારે પોલીસે બગસરાના લુંઘીયા ગામે દરોડો પાડી મોટી માત્રામાં દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ રેડમાં વનરાજભાઈ માણાભાઈ ચાવડાના રહેણાંક મકાનમાંથી ૧૮૦ બોટલ ઈંગ્લિશ દારૂ અને ૭૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. કુલ મળીને રૂ. ૨,૫૨,૪૪૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ મામલે વનરાજભાઈ માણાભાઈ ચાવડા, નાગરાજ ઉર્ફે યુવરાજ વનરાજભાઈ ચાવડા (રહે. લુંઘીયા) અને ભુપતભાઈ કાનાભાઈ વાઘેલા (રહે. આંબાગાળા) વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. વનરાજભાઈની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય આરોપીઓ ફરાર હોવાથી તેમની અટકાયત થઈ નથી. બગસરા પોલીસ PI સાલુકે દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## સા.કુંડલાના જેજાદમાં શેઢાના વૃક્ષની ડાળી ભાંગતા ઠપકો આપતા કુહાડી લઈ મારવા દોડ્યાની રાવ

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલાના જેજાદ ગામે શેઢાના વૃક્ષની ડાળી પૂછ્યા વગર ભાંગતા કુહાડી લઈને મારવા દોડ્યાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ભાવેશભાઈ રામકુભાઈ વેકરીયા (ઉ.વ.૪૦)એ વજુભાઈ રામકુભાઈ વેકરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, જેજાદ ગામે નાના ઈશ્વરીયા હનુમાનજીના મંદિર પાસે આવેલી તેમની વાડીના શેઢે આરોપીએ તેમની માલિકીમાં આવેલ વૃક્ષોની ડાળીઓ પૂછ્યા વગર ભાંગી નાખી હતી. જે બાબતે તેમણે આરોપીને ઠપકો આપતા સારુ નહોતું લાગ્યું અને જેમ ફાવે તેમ ગાળો આપી હાથમાં રહેલી કુહાડી વડે મારવા દોડી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.બી. કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલી એસ.ટી. ડિવિઝન દ્વારા પ્લાસ્ટિક મુક્ત ગુજરાત બનાવવા ઝુંબેશ શરૂ કરાઈ



અમરેલી, તા.૨૨

વિશ્વ પર્યાવરણ દિનના ભાગરૂપે અમરેલી એસ.ટી. ડિવિઝન દ્વારા પ્લાસ્ટિક મુક્ત ગુજરાત બનાવવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. વિભાગીય નિયામક અતુલ સોલંકીના માર્ગદર્શન નીચે એસ.ટી.ના ડ્રાઈવર-કંડકટરો મુસાફરોને જાગૃત કરી પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા માટે અપીલ કરી રહ્યાં છે. અમરેલી ડેપોના ડ્રાઈવર-કંડકટર મુસાફરોને બસમાં પ્લાસ્ટિકની બોટલ જયાં-ત્યાં નહી ફેંકતા બસમાં રાખેલ ડસ્ટબીનમાં જ નાખવા અનુરોધ કરી રહ્યાં છે. અમરેલી એસ.ટી. ડિવિઝનની આ ઝુંબેશને મુસાફરો દ્વારા પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

## સાવરકુંડલાના શિક્ષકે પીએચ.ડી.ની ડિગ્રી મેળવતા અભિનંદનની વર્ષા



અમરેલી,તા.૨૨

સાવરકુંડલાના યુવા શિક્ષક અને સંશોધક ડૉ. આસિફ ડી. કુરેશીએ Ph.D. પૂર્ણ કર્યું છે. તેમણે ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના શારીરિક શિક્ષણ વિભાગમાંથી ડૉ. ડી.એફ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ "યોગ અને સંઘ વ્યાયામ પ્રવૃત્તિઓની સ્વાસ્થ્ય સંબંધિત યોગ્યતા અને શરીરશાસ્ત્રીય વિષયક પાસાઓ ઉપર થતી અસરો" વિષય પર ડિગ્રી મેળવી છે. આ સિદ્ધિ બદલ તેમના માર્ગદર્શક ડૉ. ડી.એફ. ચૌધરી, ડીન ડૉ. પી.એમ. કાસુન્દ્રા, ગુરુજનો, ડૉ. એ.જી. કુરેશી અને સહઅધ્યાયી મિત્રોએ તેમને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી.

## અમરેલીમાં SOGની ગાડીનો અકસ્માત કરનાર ફરાર ડ્રાઈવરને ઝડપી લેવાયો



અમરેલી,તા.૨૨

અમરેલીમાં ત્રણ દિવસ પહેલા આરટીઓ પાસે ઉભેલા બંધ ટ્રકની પાછળ એસઓજી પોલીસની બોલેરોનો અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાયા બાદ કરાર આધારિત ડ્રાઈવર ચિંતન મહેશ મેરીયા નાસી છુટ્યો હતો. જોકે પોલીસની ગાડીમાં અડધી બોટલ વિદેશી દારૂ પણ મળી આવતા પોલીસે ડ્રાઈવર સામે ગુનો નોંધ્યો હતો. અમરેલી એસઓજી પોલીસની બોલેરોને અંદાજે રૂ. બે લાખનું નુકસાન કર્યું હતું. અમરેલી સિટી પોલીસમાં ડ્રાઈવર વિરૂધ્ધ ગુનો નોંધાયા બાદ ઘરભેગો કરી દેવામાં આવ્યો હતો. અકસ્માત બાદ નાસી છુટેલા ડ્રાઈવરને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસે બાયપાસ પાસેથી બુધવારે ઝડપી પાડ્યો હતો. બાદમાં ૨૦૦ મીલી દારૂ પોલીસની ગાડીમાં પકડાયા બાદ એક જ દિવસમાં જામીન પર છુટી ગયો હોવાનું જાણવા મળ્યુ છે.


## ખાંભામાં કમોસમી વરસાદથી થયેલા પાક નુકસાન અંગે સર્વે અને સહાયની માંગણી

**માર્કેટીંગ યાર્ડ ખાંભાના ચેરમેન વિનુભાઈ રૈયાણીએ કૃષિમંત્રીને કરી રજૂઆત**

ખાંભા, તા.૨૨


ખાંભા તાલુકામાં તાજેતરમાં પડેલા ભારે કમોસમી વરસાદને કારણે ખેડૂતોને થયેલા વ્યાપક નુકસાન મુદ્દે તાત્કાલિક સર્વે હાથ ધરી યોગ્ય સહાય ચુકવવાની માંગણી કરવામાં આવી છે. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ખાંભાના ચેરમેન વિનુભાઈ આર. રૈયાણીએ રાજ્યના કૃષિ, પશુપાલન અને ગૌ સંવર્ધન મંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર લખી આ મામલે સત્વરે સર્વે કરવા વિનંતી કરી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, થોડા સમય પહેલા ખાંભા તાલુકાના તમામ ગામડાઓમાં અચાનક ભારે કમોસમી વરસાદ પડ્યો હતો, જેના કારણે સમગ્ર ખાંભા તાલુકાના ખેડૂતોને ખેતી પાકોમાં ખૂબ જ મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. હાલ ઉનાળાની સિઝન હોવાથી ખેડૂતોના ખેતરમાં વાવેલા તલ, બાજરી, ડુંગળી જેવા ઉનાળુ પાકોને ભારે અસર પહોંચી છે. આ ઉપરાંત, બાગાયતી ખેતીમાં કેરીના પાકને પણ આ વરસાદને કારણે ખૂબ મોટું નુકસાન થવા પામ્યું છે. વિનુભાઈ રૈયાણીએ પત્રમાં ખાસ ઉલ્લેખ કર્યો છે કે ખાંભા તાલુકો સાવરકુંડલા તાલુકાને અડીને જ આવેલ છે અને તાજેતરમાં સાવરકુંડલા તાલુકામાં સરકાર દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવેલ છે, ત્યારે ખાંભા તાલુકામાં આવી રીતે સર્વેની કામગીરી શરૂ કરવામાં આવેલ નથી. તેમણે સરકાર દ્વારા વહેલી તકે સ્થળ સર્વે કરાવી, થયેલ નુકસાન અંગે કામગીરી કરીને ખેડૂતોને યોગ્ય અને સમય મર્યાદામાં સહાય મળે તેવી અપીલ કરી છે. જો સમયસર સહાય મળશે તો જ ખાંભા તાલુકાના ખેડૂતો વરસાદના કારણે થયેલ નુકસાનની આફતમાંથી બહાર આવી શકશે. ચેરમેને જણાવ્યું છે કે ખેડૂતોને આગામી ચોમાસાની સિઝનની કામગીરી શરૂ કરવાની હોય, થયેલ નુકસાનનો તાત્કાલિક સર્વે કરાવી તાત્કાલિક નિર્ણય કરવામાં આવે.

## વડીયામાં સાંજના સુમારે જોરદાર પવન સાથે ભારે વરસાદ: રાબેતા મુજબ વિજળી ગુલ



વડીયા,તા.૨૨

વડીયા વિસ્તારમાં ઢળતી સાંજે વીજળીના કડાકા અને ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. આ વરસાદથી વડીયાની મુખ્ય બજારોમાં પાણી ભરાઈ ગયા હતા. તો વડીયાના ગ્રામીણ વિસ્તાર એવા રામપુર, તોરીમાં કરા સાથે વરસાદ પડ્યો હોવાના વીડિયો વાયરલ થયા હતા. વડીયામાં ભારે પવન સાથેના વરસાદથી ગ્રામપંચાયત પાસે આવેલ વર્ષો જુના લીમડાના વૃક્ષ ધરાશાયી થયા છે તો વીજપોલ અને મામલતદાર કચેરીની સોલાર પેનલોને પણ ભારે નુકસાન થયાના સમાચાર છે. મેઘરાજાએ સટાસટી બોલાવતા ભારે પવન, વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ ખાબક્યો હતો.અને રાબેતા મુજબ વિજળી ગુલ થઈ ગઈ હતી.









**વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ**

:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.

કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12 સાયન્સ / કોમર્સ / RENEET

:: શૈક્ષણિક વિશેષતાઓ ::
- હવે અમરેલીના વિધાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
- જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..

મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10 થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા

... સ્કોલરશીપ યોજના ...

| | | |
|---|---|---|
| ધોરણ 8 | 95% ઉપર | 9મું FREE |
| ધોરણ 9 | 95% ઉપર | 10મું FREE |

ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિધાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.

#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:- 15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.

કૃણાલ ધોળકીયા Maths ,M.Sc., B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઇ Science ,M.Sc., B.Ed. અનુભવ 14 વર્ષ

ધો.11-12 કોમર્સ હવે વિધાગુરૂ માં...
- Smart Board ધરાવતા ક્લાસ...
- અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.

ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા..
ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 220 86


# લીલીયા તાલુકો ધણીધોરી વિહોણો : અધિકારીઓની અછતથી પ્રજા ત્રસ્ત

લીલીયા, તા.૨૨

અમરેલી જિલ્લાનો લીલીયા તાલુકો હાલ જાણે રામભરોસે ચાલી રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કુલ ૩૭ ગામડાં ધરાવતો આ તાલુકો ટીડીઓ, મામલતદાર, એક્ઝિક્યુટિવ મામલતદાર, ગ્રામ પંચાયત મંત્રી અને રેવન્યુ મંત્રી જેવા મુખ્ય અધિકારીઓ વિના અધ્ધરતાલ છે. પરિણામે, અરજદારોના કામકાજ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયા છે અને લોકો પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. રોજ કમાઈને ખાતા ગ્રામજનો પોતાની મજૂરી છોડીને સરકારી કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે, પરંતુ અધિકારીઓની ગેરહાજરીના કારણે તેમને ધરમનો ધક્કો જ થાય છે. ગ્રામ પંચાયતોમાં પણ કાયમી મંત્રીઓના બદલે ૩-૪ ગામોનો ચાર્જ સંભાળતા મંત્રીઓ છે, જેથી કોઈ પણ ગામમાં કાયમી ધોરણે કામ થતા નથી. અરજદારો પોતાની રજૂઆત કોને કરવી તે સમજી શકતા નથી અને તેમની વાત સાંભળનાર કોઈ નથી. તાલુકામાં કાયમી કર્મચારીઓની સંખ્યા પણ ખૂબ ઓછી છે અને મોટાભાગના કર્મચારીઓ રોજમદાર હોવાથી કામગીરી પર તેની નકારાત્મક અસર પડી રહી છે. હાલ વિદ્યાર્થીઓને નવા એડમિશન માટે જરૂરી આવકના દાખલા અને અન્ય કાગળો પર સહી-સિક્કા કરાવવાની તાતી જરૂર છે, પરંતુ અધિકારીઓ જ ન હોવાથી તેમના ભવિષ્ય પર પણ પ્રશ્નાર્થ સર્જાયો છે. તાલુકાના આગેવાનો, ધારાસભ્ય અને સાંસદ આ ગંભીર પરિસ્થિતિથી વાકેફ હોવા છતાં જાણે કે આંખ આડા કાન કરી રહ્યા હોય તેવું લોકોને લાગી રહ્યું છે. લોકો સ્પષ્ટપણે અધિકારીઓની તાત્કાલિક નિમણૂક થાય તેવી અપેક્ષા રાખી રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે આ તાલુકામાં હંમેશા નિવૃત્તિને આરે આવેલા અથવા ટૂંકાગાળા માટે જ (બેથી છ મહિના) અધિકારીઓની નિમણૂક કરવામાં આવે છે, જેના કારણે ક્યારેય સ્થાયી વહીવટ જોવા મળતો નથી. આ સ્થિતિ લીલીયા તાલુકાના વિકાસ અને જનજીવન પર ગંભીર અસર કરી રહી છે.

# રાજુલામાં પાઈપલાઈન વિવાદ : ખેડૂતોએ કામ અટકાવ્યું, ૫૬થી વધુની અટકાયત

અમરેલી, તા.૨૨




તસવીર : ગોપાલ રાઠોડ

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં ધારેશ્વર ગામ નજીક પીવાના પાણીની પાઈપલાઈનના કામને લઈને મોટો વિવાદ સર્જાયો છે. ધાતરવડી ડેમ-૧ માંથી રાજુલા અને જાફરાબાદ નગરપાલિકાને પાણી પહોંચાડવા માટે જૂની જર્જરિત પાઈપલાઈનના સ્થાને નવી પાઈપલાઈન નાખવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. ખેડૂતોએ આ કામનો વિરોધ કરતાં JCB પર ચઢી કામ અટકાવ્યું હતું. ખેડૂત આગેવાન દિલીપ સોજીત્રાએ જણાવ્યું કે તેમની મુખ્ય માંગણીઓમાં ડેમની ઊંચાઈ વધારવી, ફ્યુઝ ગેટ નાખવા અને નગરપાલિકાની લાઈનોમાં મીટર મૂકવાનો સમાવેશ થાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ ડેમ તેમના વડવાઓ દ્વારા બનાવવામાં આવ્યો છે. આ વિરોધને પગલે પોલીસે ૫૬થી વધુ લોકોની અટકાયત કરી હતી. નોંધનીય છે કે, અગાઉ રાજુલા શહેરના વેપારીઓ અને નાગરિકોએ પીવાના પાણીની પાઈપલાઈનનું કામ ઝડપથી શરૂ કરવાની માંગણી સાથે આવેદનપત્ર આપ્યું હતું. આ ઘટનાથી પાણી પુરવઠાના કામમાં અવરોધ ઊભો થયો છે.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ,અમરેલી -Ad 075
સંકુલ M.Sc. માઈક્રોબાયોલોજી - બાયોટેક્નોલોજી કોલેજ
સંકુલ M.Com. ગુજરાતી & ઈંગ્લીશ મિડીયમ કોલેજ
સંકુલ M.A. મનોવિજ્ઞાન - સમાજશાસ્ત્ર - ઈંગ્લીશ કોલેજ
સંકુલ GTU - AICTE માન્ય MBA - MCA કોલેજ
સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ


# અમરેલીમાં ગજેરા સંકુલની મહિલા કોલેજનું MA (અંગ્રેજી)માં ૧૦૦% ફર્સ્ટ ક્લાસ પરિણામ

અમરેલી, તા.૨૨



શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ (સુરત) સંચાલિત શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.એ. મહિલા કોલેજ (શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી M.A. (અંગ્રેજી) સેમેસ્ટર- IV ની પરીક્ષામાં અદભુત સિદ્ધિ હાંસલ કરી છે. કોલેજે ૧૦૦% પરિણામ સાથે ૧૦૦% ફર્સ્ટ ક્લાસ પરિણામ મેળવી ગૌરવ વધાર્યું છે. ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓમાં સરવૈયા હેતલ બી. (૭૫.૨૦%) કોલેજમાં પ્રથમ, રામાનુજ નિશા ડી. (૭૨.૦૦%) દ્વિતીય, અને કાબરીયા મયૂરી એમ. (૭૧.૬૦%) તૃતીય સ્થાન પર રહી છે. સંકુલ પરિવારે આ ઉત્કૃષ્ટ પરિણામ બદલ સમગ્ર સ્ટાફ, વિદ્યાર્થીઓ અને રેન્ક મેળવનાર વિદ્યાર્થિનીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

જ્યોત્સનાબેન (લક્ષ્મીબેન) જગદીપભાઈ લડવા (ઉ.વ.૫૬) નું તા.૨૧/૫/૨૫ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતની સાદડી તા.૨૩/૫/૦૨૫ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે ગુર્જર ક્ષત્રિય કડિયાવાડી પારેખવાડી કોર્નર વિભાગ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**બગસરા**

સ્વ. કુસુમબેન ચંપકલાલ રઘાણી (ઉ.વ.૭૪)નું તા.૨૦/૦૫/૨૦૨૫ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તે દશા સોરઠીયા વણિક, બગસરા નિવાસી સ્વ. ચંપકલાલ મોતીચંદભાઈ રઘાણીના ધર્મપત્ની, અશોકભાઈ, મયુરભાઈ, યજ્ઞેશભાઈ અને પ્રતિભાબેનના માતૃશ્રી થાય છે. તેમની સદ્ગતની સાદડી ૨૪/૦૫/૨૦૨૫ને શનિવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે દશા સોરઠીયા વણિક વાડી, બગસરા ખાતે રાખેલ છે.

**જામનગર**

મહેન્દ્રભાઈ ગાંધી (ઉ.વ.૭૯) તે ભાનુબેનના પતિ, તે સ્વ. દ્વારકાદાસ દુર્લભજી ગાંધીના પુત્ર, તે જેસલબેન, જુલીબેનના પિતા, તે પારસ ચંદ્રકાંત મહેતા, ડો. પારસ ઇન્દુભાઈ દોશીના સસરા, તે અક્ષત, અંશુમીના નાના, તે ઉર્મિલાબેન, કાંતાબેનના ભાઈ, તે પ્રભુલાલ ભગવાનજી પટેલના જમાઈ, તે દિનેશભાઈ પ્રભુલાલ પટેલ, રાજેન્દ્રભાઈ પ્રભુલાલ પટેલ, જસવંતીબેન ધન્વંતરાય વસાના બનેવીનું તા.૨૧ના અવસાન થયું છે.


શ્રી સ્વામિનારાયણ શ્રધ્ધા જ્યોત ટ્રસ્ટ સંચાલિત
**શ્રીજી વિદ્યાર્થી ભુવન**
શ્રી સરસ્વતી વિદ્યાલય
- ટેક્નોલોજી એઈડ્ સ્કૂલ
- સંપૂર્ણ AC સ્કૂલ
- પોસાય તેવી ફી
- કુદરતી વાતાવરણ વચ્ચે વિશાળ કેમ્પસ
- માઇન્ડ પાવર અને સેલ્ફ ડેવલપમેન્ટ માટે મોટીવેશનલ પોગ્રામ

ધોરણ :-૪ થી ૧૨
હોસ્ટેલની ઉત્તમ સુવિધા

દિપકભાઈ પી. વઘાસિયા સંચાલકશ્રી
વિલાસબેન ડી. વઘાસિયા સંચાલકશ્રી

સંપૂર્ણ કેળવણીનો અહેસાસ
ઘરથી દુર બીજુ એક ઘર એટલે
શ્રીજી વિદ્યાર્થી ભુવન



એસ.ટી.ડીવીઝન પાસે, લાઠી રોડ, અમરેલી. ફોન: 240067 Mo. 94269 76642 / 84692 53653
shreejividhyarthibhuvan.com | shreejischool1234@gmail.com વ્યવસ્થાપક: ઉતમભાઈ - 70430 19727


**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૨૯/૨૦૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

શ્રી વલ્લભભાઈ ફુલાભાઈ રાદડીયા
રહે. બરડીયા, તા. વિસાવદર, જી. જુનાગઢ .........અરજદાર
વિરુધ્ધ
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી - બરડીયા, તા. વિસાવદર ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી વલ્લભભાઈ ફુલાભાઈ રાદડીયા રહે. બરડીયા, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૪ ના રોજ વિસાવદર તાલુકાના બરડીયા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી બરડીયા, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી બરડીયા, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૯ મી માર્ચ ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી
(પી.વી.શિંગડીયા)
નાયબ મામલતદાર વિસાવદર

હુકમથી
સહી
(એન.બી.લાંઘણોજા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર


VOLTAS · beko | VOLTAS
SIMPLIFYING YOUR LIVES
ENHANCING YOUR HOMES



AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com
Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455
For product registration, SMS <WTA> to 9829525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | Voltas Limited | My Voltas | My Voltas | My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪



**નિત્યા સ્કીન ક્લિનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy)
- સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર
- કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov)
- અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**તંત્રી લેખ**

# રાષ્ટ્ર અને ધર્મ વિરોધી ટીકા વ્યાજબી નથી

આપણા દેશમાં અમુક નેતાઓ જે વાણી-વિલાસ કરી રહ્યા છે તેની પર હવે લગામ કસવાની જરૂર છે. ખાસ કરીને રાષ્ટ્રની પ્રતિષ્ઠાને હાનિ થાય તેવા વિધાનો કોઈ કરે તો તેના પર કડકમાં કડક કાયદો લાગુ કરવો જોઈએ. આવી જ રીતે કોઈ પણ ધર્મ વિશે લોકોની લાગણી દુભાય તેવા નિવેદનો પર પણ હવે લગામ કસવાની જરૂર છે. બીજો મહત્વનો મુદ્દો એ છે કે ભારતની સંરક્ષણ બાબતમાં અથવા તો સેનાની કાર્યવાહી બાબતમાં કોઈ અણછાજતી ટીકા કરે તો તેના પર પણ કડકમાં કડક કાર્યવાહી થવી જરૂરી છે. ઓપરેશન સિંદૂરના મુદ્દે સરકાર દુનિયાભરમાં અલખ જગાડવા માટે અનેક પાર્ટીઓના અલગ-અલગ પ્રતિનિધિમંડળ મોકલી રહી છે. લગભગ બધા જ પક્ષોના નેતાઓની આ ટીમ પાકિસ્તાન દ્વારા પોષિત આતંકવાદને ઉઘાડો પાડશે અને દુનિયાના મોટાભાગના દેશોને પાકિસ્તાનનો છુપો એજન્ડા પુરાવા સાથે બતાવશે. સરકારની આ સારી રણનીતિ છે. તેના કરતાં પણ સારી વાત એ છે કે આ પ્રતિનિધિમંડળોમાં બધા જ પક્ષોના નેતાઓને સામેલ કરાયા છે. ચોક્કસપણે દુનિયાભરમાં તેનો સારો સંદેશો જશે પરંતુ આ બાબતમાં વિરોધ પક્ષના મુખ્ય નેતાઓ જે રીતે વાણી-વિલાસ કરી રહ્યા છે તે જરા પણ યોગ્ય નથી. રાજકીય પક્ષોને આવા વિવાદિત નિવેદનો આપતા નેતાઓને પાળવાની ટેવ પડી ગઈ છે. તે આવા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવાની હિંમત બતાવી શકતા નથી. સેનાએ જ્યારે કહ્યું કે, ઓપરેશન સિંદૂર સંપૂર્ણપણે સમાપ્ત થયું નથી ત્યારે રાહુલ ગાંધી એવું કેવી રીતે પૂછી શકે છે કે, પાકિસ્તાને આપણા કેટલા વિમાન તોડી પાડયા ? પરંતુ આ સમયે આવો સવાલ પુછવો જરૂરી નહોતો. તમે વિરોધ પક્ષના નેતા છો અને તમને બધું જાણવાનો અધિકાર છે, પરંતુ આવા સવાલો પૂછવા માટે આ સમય ઉચિત ન કહી શકાય. હવે રાહુલ ગાંધી તો વરિષ્ઠ નેતા છે. તેમના વિરુદ્ધ કોણ કાર્યવાહી કરે. આ બાજુ ઓપરેશન સિંદૂર સંબંધિત પ્રતિનિધિમંડળમાં કોણ જશે, કોણ નહીં, તે બાબતે પશ્ચિમ બંગાળની તૃણમુલ કોંગ્રેસ પાર્ટીમાં ખેંચતાણ શરૂ થઈ ગઈ હતી. આખરે મુખ્યમંત્રી મમતા બેનરજીના ભત્રીજા અભિષેક બેનરજીનું નામ નક્કી કરવામાં આવ્યું. આ બાજુ શિવસેના (ઉદ્ધવ જૂથ)માં પણ આ બાબતે માથાકૂટ થઈ હતી. જાણવા મળ્યું છે કે, પ્રતિનિધિમંડળ માટે ઉદ્ધવ ઠાકરે પ્રિયંકા ચતુર્વેદીનું નામ પહેલાથી જ આપી ચુક્યા હતા અને સંજય રાઉતને ખબર જ ન હતી! ઉદ્ધવ સેનામાં કદાચ આવું પહેલીવાર થયું છે. મૂળ વાત એ છે કે, રાજકીય પક્ષોએ દેશ, તેની સુરક્ષા અને સેના બાબતે પક્ષીય રાજકારણથી બહાર આવીને વાત કરવી જોઈએ. રાજકીય પક્ષોએ વાહિયાત વાતો કરતા નેતાઓને કડક ચેતવણી આપીને તેમનું મોઢું બંધ રાખવા સૂચના આપવી જોઈએ. તેમ છતાં ન માને તો પદ પરથી હાંકી કાઢવા જોઈએ. વિરોધ પક્ષના નેતાઓ વિવાદિત નિવેદનો કરવા માટે જાણીતા છે, અમુક પક્ષના નેતાઓ તો લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવા નિવેદનો કરે છે. મોટો હોબાળો થયા પછી તે લોકો માફી પણ માંગી લે છે. આ માટેનો સૌથી કોઈ સોફ્ટ ટાર્ગેટ હોય તો તે હિન્દુ ધર્મ છે. હિન્દુ ધર્મ વિશે નિવેદનો કરવા માટે આપણા રાષ્ટ્ર વિરોધી અને ધર્મ વિરોધી નેતાઓ જાણીતા છે. લોકો તેને બરાબર ઓળખે છે. રામ ભગવાનની શોભાયાત્રા પર પ્રતિબંધ મૂકવા વાળા મુખ્યમંત્રી હિન્દુ ધર્મના કટ્ટર વિરોધી છે. તો કાશ્મીરના નેતાઓ આતંકવાદીઓ પર એકદમ સોફ્ટ કોર્નર ધરાવે છે.

# મનોરંજનની દુનિયાનું સ્વદેશી પ્લેટફોર્મ : વેવ્ઝ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**


વેવ્ઝ ન્યૂઝ ચેનલો, ફિલ્મ નિર્માતાઓ અને મૂવી પ્રેમીઓ માટેનું નવીન અને અનોખું મનોરંજન પ્લેટફોર્મ છે, જે ખાસ કરીને ફિલ્મ-મેકિંગ અને ફિલ્મ-વ્યૂઅરશિપના અનુભવને વધુ લોકશાહી, સ્પર્ધાત્મક અને સામાજિક બનાવે છે. વેવ્ઝ પર કોઈ પણ ફિલ્મમેકર પોતાની ફિલ્મો સરળતાથી અપલોડ કરી શકે છે અને વિશ્વભરમાં દર્શકો સુધી પહોંચાડી શકે છે. નવા અને અનુભવી બંને પ્રકારના ફિલ્મમેકર્સ માટે આ પ્લેટફોર્મ ખુલ્લું છે. વેવ્ઝ પર સ્પર્ધાઓ યોજાય છે, જેમાં ફિલ્મમેકર્સ પોતાની કૃતિઓ રજૂ કરે છે અને શ્રેષ્ઠ સ્ટોરી માટે મોટી રકમના ઈનામો મળે છે. દર્શકોના મતથી વિજેતા પસંદ થાય છે, એટલે દરેકને સમાન તક મળે છે. વેવ્ઝ યુઝર્સને તેમની પસંદગીને અનુરૂપ શોર્ટ ફિલ્મ્સ, કોમેડી, ડ્રામા, રોમાંસ, એનિમેશન વગેરે વિવિધ પ્રકારની કૃતિઓ એક સ્ક્રોલમાં જોવા મળે છે. યુઝર્સ પોતાના અપડેટ્સ પોસ્ટ કરી શકે છે, મેસેજ મોકલી શકે છે, પોતાના ફેવરિટ ક્રિએટર્સને ફોલો કરી શકે છે અને પોતાનો પર્સનલ પોર્ટફોલિયો પણ બનાવી શકે છે. જો કોઈ ફિલ્મ ખૂબ ગમે તો યુઝર્સ ક્રિએટરને ''એમ્પ્સ'' ગિફ્ટ કરી શકે છે, જેથી તેઓ વધુ સારી કૃતિઓ બનાવી શકે. દરેક ફિલ્મમેકર માટે સમાન તક - કોઈ પણ પોતાની ટેલેન્ટ અને સ્ટોરીટેલિંગ સ્કિલ્સ બતાવી શકે છે. આ પ્લેટફોર્મ ક્રિએટિવિટી, સ્પર્ધા અને કમ્યુનિટી બિલ્ડિંગને પ્રોત્સાહન આપે છે. ડૂમ સ્ક્રોલિંગને બદલે અર્થપૂર્ણ મનોરંજને તે વધારે મહત્વ આપે છે. વેવ્ઝનો મેસેજ છે - ''ડૂમ સ્ક્રોલિંગ બંધ કરો અને અર્થપૂર્ણ શોર્ટ ફિલ્મ્સનો આનંદ માણો!'' આ પ્લેટફોર્મ કોને માટે છે? તે નવા અને અનુભવી ફિલ્મમેકર્સ માટે કાર્ય કરે છે. અને મૂવી અને શોર્ટ ફિલ્મ્સના શોખીન દર્શકોમાં તે ઝડપથી લોકપ્રિય બની રહ્યું છે. ક્રિએટિવ કોમ્યુનિટી સાથે જોડાવા ઈચ્છતા કોઈપણ યુવા સર્જકો માટે સારું સ્થાન છે. પરંતુ મોટો પ્રશ્ન એ છે કે આ પ્લેટફોર્મમાં જોડાવું કઈ રીતે? શરૂઆત કેવી રીતે કરવી? સૌથી પહેલા તો તમારા સ્માર્ટ ફોનમાં વેવ્ઝ એપ ડાઉનલોડ કરો, સાઈન અપ કરો અને તમારી પસંદગી પ્રમાણે ફિલ્મ્સ જોવા અથવા તમારી પોતાની ફિલ્મ અપલોડ કરવાનું શરૂ કરો. આટલું કર્યા બાદ તમે સ્પર્ધાઓમાં ભાગ લો અને કમ્યુનિટી સાથે જોડાઈ જાઓ. ટૂંકમાં કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે વેવ્ઝ એ ફિલ્મ-મનોરંજન માટેનું નવું અને લોકશાહી પ્લેટફોર્મ છે, જે ક્રિએટર્સ અને દર્શકો બંને માટે નવી તકો અને અનુભવ આપે છે.

વેવ્ઝ પર વિવિધ પ્રકારની ફિલ્મો અને શો ઉપલબ્ધ છે, જેમાં ખાસ કરીને શોર્ટ ફિલ્મ્સ, કોમેડી, ડ્રામા, રોમાંસ, એનિમેશન અને અન્ય મનોરંજન પ્રકારની ફિલ્મો સામેલ છે. આ પ્લેટફોર્મ પર યુઝર્સને તેમની પસંદગી પ્રમાણે પર્સનલાઈઝ્ડ વીડિયો ફીડ મળે છે, જેમાં વિવિધ શૈલીઓની ફિલ્મો જોવા મળે છે. વેવ્ઝ ફિલ્મમેકર્સ માટે પણ ખુલ્લું છે જ્યાં તેઓ પોતાની કૃતિઓ અપલોડ કરી શકે છે અને સ્પર્ધાઓમાં ભાગ લઈ શકે છે. સામાન્ય રીતે, વેવ્ઝ પર ભારતીય સિનેમા જેવી કે હિંદી, ગુજરાતી, કન્નડ, ભોજપુરી અને અન્ય પ્રાદેશિક ભાષાઓની ફિલ્મો તેમજ નાનાં અને નવા ફિલ્મમેકર્સની શોર્ટ ફિલ્મ્સ જોવા મળે છે, જે વિવિધ વિષયો અને શૈલીઓમાં હોય છે. તમારા મનપસંદ શોને વેવ્ઝ પર શોધવા માટે આ પગલાંને અનુસરો. સૌથી પહેલા વેવ્ઝ એપ ડાઉનલોડ કરો અને સાઈન અપ કરો. આ માટે જીમેલ એકાઉન્ટ હોવું જરૂરી છે. સાઈન અપ કરવા માટે નામ, ફોન નંબર, ઈ-મેલ આઈડી સહિતની વિગતો તમારે આપવી પડશે. આટલું કર્યા પછી તમે એપમાં સર્ચ બારનો ઉપયોગ કરીને શોનું નામ ટાઈપ કરો. કેટેગરીઝ અને જેનર પ્રમાણે બ્રાઉઝ કરી શકો છો, જેમ કે કોમેડી, ડ્રામા, રોમાંસ, શોર્ટ ફિલ્મ્સ વગેરે. તમારા માટે પર્સનલાઈઝ્ડ રેકમેન્ડેશન્સ પણ મળશે, જે તમારી પસંદગી પ્રમાણે શો બતાવશે. જો કોઈ સ્પષ્ટ શો કે ફિલ્મ ન મળે, તો ક્રિએટર્સને ફોલો કરી શકો છો કે નવા અપલોડ્સ માટે નોટિફિકેશન્સ મેળવી શકો છો. આ રીતે તમે સરળતાથી તમારા મનપસંદ શોને શોધી અને જોઈ શકો છો. પ્રથમ વેવ્સ સમિટમાં ભારતનો સોફ્ટ પાવર જોવા મળ્યો છે. આ કાર્યક્રમમાં ૨૨ દેશથી વધુ દેશના લોકોએ ભાગ લીધો. સામાન્ય લોકો તેમના પ્રોજેક્ટ્સ નેટફિલક્સ, એમેઝોન પ્રાઈમ વીડિયોને વેચી શકશે. ઈન્દોરના રહેવાસી સોનાક ચક્રવર્તી એક યુવા ફિલ્મ નિર્માતા છે. તે આદી રુદ્રાક્ષ નામની ફીચર ફિલ્મ બનાવી રહ્યા છે. તેમને ફિલ્મના નિર્માણ અને પોસ્ટ પ્રોડક્શનમાં મદદની જરૂર છે. ફિલ્મના વેચાણ વિશે કોઈ જ્ઞાન ન હોવાથી વેચાણ અને માર્કેટિંગમાં પણ નિષ્ણાતની સલાહની જરૂર પડે છે. મુંબઈમાં યોજાયેલી પહેલી વેવ્સ સમિટમાં તેમણે થોડા કલાકોમાં જ આનો ઉકેલ શોધી કાઢ્યો. તેમણે 'વેવ્સ બજાર' ખાતે હંગામા, ટી-સિરીઝ અને મેડોક ફિલ્મ્સ જેવી મોટી પ્રોડક્શન કંપનીઓ સાથે બેઠક કરી. સોનક કહે છે, ''પ્રોડક્શન હાઉસનો સંપર્ક કરવો ખૂબ જ મુશ્કેલ છે, પરંતુ વેવ્સ બજાર જેવા પ્લેટફોર્મ પર આવી કંપનીઓ પોતે તમારી પાસે આવે છે, તમે પણ તેમના સુધી સરળતાથી પહોંચી શકો છો.' આ વિશેષતાને કારણે, વેવ્સ સમિટ ચર્ચામાં છે. છેલ્લા ત્રણ દિવસમાં ૧,૦૦૦ કરોડ રૂપિયાના સોદા થયા હતા. માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ પૃથુલ કુમારે જણાવ્યું હતું કે ઉત્સાહને ધ્યાનમાં રાખીને વેવ્સ બજારને વધુ એક દિવસ (૪ મે સુધી) લંબાવવામાં આવ્યું હતું. વેવ્સ બજારનું ઓનલાઈન પોર્ટલ https://wavesindia.rog/registration પણ કાર્યરત રહેશે. સમિટ દરમિયાન એમેઝોન પ્રાઈમ વીડિયો અને કોરિયન પ્રોડક્શન હાઉસ CJ ENMએ એક MoU પર હસ્તાક્ષર કર્યા હતા. ભારતીય ફિલ્મ 'ખીડકી ગાંવ' ને પોસ્ટ-પ્રોડક્શન અને VFX માટે બુસાન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલના એશિયન સિનેમા ફંડ તરફથી સમર્થન મળ્યું છે. આ ભંડોળ એશિયન સાહિત્ય અને દસ્તાવેજી ફિલ્મોને નાણાકીય સહાય પૂરી પાડે છે. આ ફિલ્મને આંતરરાષ્ટ્રીય ગુણવત્તાવાળા ટેકનિકલ સંસાધનો પૂરા પાડશે, જેનાથી તેની વૈશ્વિક સ્તરે રિલીઝ થવાની શક્યતાઓ વધશે. સમિટના બે દિવસમાં ખરીદદારો અને વેચાણકર્તાઓ વચ્ચે ૩ હજારથી વધુ બેઠકો થઈ હતી. અત્યાર સુધીમાં ૮ હજારથી વધુ ખરીદદારો અને ૪ હજારથી વધુ વેચનાર આવી ચૂક્યા છે. વેવ બજાર પોર્ટલ પર ૧૫૦૦થી વધુ પ્રોજેક્ટ્સ નોંધાયેલા છે. આ બેઠક માટે એક લાખથી વધુ અરજીઓ મળી છે. ૨૨ દેશોની ભાગીદારી સાથે, નેટફ્લિક્સ, પ્રાઈમ વીડિયો, ગૂગલ, સોની જેવી આંતરરાષ્ટ્રીય કંપનીઓ અને યશ રાજ ફિલ્મ્સ, જિયો હોટસ્ટાર, ટી-સિરીઝ જેવી સ્થાનિક કંપનીઓ પણ આવી છે. વેવ્સ એ સરકાર દ્વારા શરૂ કરાયેલું ઓનલાઈન પ્લેટફોર્મ છે જ્યાં ખરીદદારો અને વેચાણકર્તાઓ મળી શકે છે. સમિટ દરમિયાન ભૌતિક બેઠક યોજાઈ હતી. આ સમયગાળા દરમિયાન ઘણા સોદાને પણ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ ભારતીય પ્લેટફોર્મ દિવસે દિવસે લોકપ્રિય બની રહ્યું છે આપ પણ આની સાથે જોડાયેલી મનોરંજનની દુનિયામાં એન્ટ્રી મારો.




**મનોરંજનની દુનિયામાં અત્યારે youtube ની બોલબાલા છે. આ ઉપરાંત અન્ય પ્લેટફોર્મ પણ છે પરંતુ ભારતનું સૌથી સારૂં કોઈ પ્લેટફોર્મ હોય તો તે વેવ્ઝ છે. એના વિશે મોટાભાગના લોકોને ખ્યાલ નથી પરંતુ મનોરંજનની દુનિયામાંથી એન્ટર થવું હોય તો આ એપ્લિકેશન આપના ફોનમાં કે લેપટોપમાં હોવી જરૂરી છે.**

## શબ્દ સંજોગ-૨૦૦૫



**આડી ચાવી :**
(૧) મોટો જાડો રોટલો (૩)
(૩) મધ્ય હિદુસ્તાનમાં આવેલો એક પ્રદેશ (૩)
(૬) પ્રતાપ, યશ (૩)
(૮) કમ્મર, કેડ (૩)
(૧૦) મળતર શબ્દ થયો (આ-અ) (૪)
(૧૨) આજનું.....જોવે તેવું શીખે છે (૩)
(૧૩) એક વનસ્પતિનાં બીજ (૨)
(૧૪) તદ્દન, બિલકુલ (૨)
(૧૫) પરવાનગી, સંમતિ, રૂખસદ (૨)
(૧૭) હામ, બહાદુરી (૩)
(૧૮) એક જ તરફ જઈ શકાય એવી વ્યવસ્થા (અં.ઉ) (૩)
(૨૦) પાણીનો કુંડ (૨)
(૨૧) એક ઝાડના રસનો બનતો પદાર્થ (૩)
(૨૨) તરંગ, મોજુ (૩)
(૨૫) ચાળીસ સેરનું તોલ (૨)
(૨૬) બીમારી, રોગ (૪)
(૨૯) હકીકત, બીના, વૃતાંત (૨)
(૩૦) કલ્પના, અનુમાન (૪)

**ઉભી ચાવી :**
(૧) ગામનું પાદર, બજાર, ચકલું (૩)
(૨) રમત જેવી વસ્તુ કે કામ, રમતાં રમતાં સધાય એવું (૫)
(૩) મમ્મીના ભાઈ (૨)
(૪) મહી અને ઢાઢર નદી વચ્ચેનો પ્રદેશ (૩)
(૫) ગયે વર્ષે કે આવતે વર્ષે (૨)
(૭) બરફ, ઘણો સખત ઠાર (૨)
(૯) દૂર (૨)
(૧૧) રીત, રિવાજ (૩)
(૧૨) તાસના પત્તાની સંખ્યા (૩)
(૧૪) સિંહ (૩)
(૧૬) જાગવું તે, ઉજાગરો (૪)
(૧૭) હીંચકો, હિંડોળો (૩)
(૧૯) વહેરવું તે (૩)
(૨૩) માગશર ને પોષ મહિનાની ઋતુ (૩)
(૨૪) નકામું, બાતલ કરેલું (૨)
(૨૭) વાવ, કૂવો (૨)
(૨૮) કાદવ (૨)

## શબ્દ સંજોગ-૨૦૦૪ જવાબ

**આડી ચાવીઃ** (૧) અશોક (૩) રમત (૬) સરોદ (૭) સજીવ (૮) ભંટર (૧૦) મકર (૧૨) દમ (૧૩) બોનસ (૧૪) લાત (૧૫) ટહેલ (૧૭) સાખ (૧૮) સુમન (૧૯) કાનન (૨૩) શાલ (૨૪) તોરલ (૨૬) સાહસ (૨૭) નજર (૨૮) તલત.
**ઉભી ચાવી :** (૧) અરવિંદ (૨) કસર (૩) રદમન (નરદમ) (૪) તસર (૫) સવલત (૯) ટમટમ (૧૧) કસ (૧૩) બોલ (૧૪) લાખ (૧૬) હેન (૧૭) સાન (૧૮) સુદર્શન (૨૦) નટ (૨૧) માલસર (૨૨) જોર (૨૩) શાહ (૨૪) તોર (૨૫) લત (૨૬) સાત.

# માર્કેટયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૫ | ૧૫૩૬ |
| ઘઉં લોકવન | ૪૯૪ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૪૦ |
| જુવાર સફેદ | ૬૭૦ | ૧૦૦૮ |
| જુવાર લાલ | ૭૮૦ | ૧૦૧૦ |
| જુવાર પીળી | ૩૯૦ | ૪૯૪ |
| બાજરી | ૪૦૦ | ૫૪૨ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૯૯ |
| ચણા પીળા | ૯૯૦ | ૧૦૮૪ |
| ચણા સફેદ | ૧૫૯૫ | ૨૧૨૧ |
| અડદ | ૧૨૫૫ | ૧૫૪૨ |
| મગ | ૧૩૫૧ | ૧૯૨૧ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૧૧૫૦ | ૧૯૫૦ |
| વટાણા | ૧૧૫૦ | ૧૬૦૦ |
| રાજમા | ૮૫૦ | ૧૫૦૦ |
| સીંગદાણા | ૧૩૦૫ | ૧૫૬૦ |
| મગફળી જાડી | ૯૬૦ | ૧૦૯૨ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૪૧૨ |
| તલી | ૧૭૫૦ | ૨૩૨૦ |
| સુરજમુખી | ૬૦૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૧૮ |
| અજમો | ૧૦૦૦ | ૧૬૩૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૭૯૯ | ૮૩૩ |
| સીંગફાડા | ૧૦૭૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૨૯૬૦ | ૪૨૦૦ |
| લસણ | ૭૫૦ | ૧૬૨૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૫૨૧ |
| મરચા સુકા | ૭૫૦ | ૨૦૦૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૭૨૧ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૮૫૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૦૫૧ |
| રાય | ૧૦૪૦ | ૧૩૧૫ |
| મેથી | ૮૦૦ | ૧૨૭૦ |
| ઇસબગુલ | ૧૩૫૧ | ૧૯૪૦ |
| કલોંજી | ૩૩૦૦ | ૪૧૯૦ |
| રાયડો | ૯૮૦ | ૧૦૯૪ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૫૦૦૦ |
| ગુવારનું બી | ૯૬૬ | ૯૬૬ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૫૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૯૦૦ |
| સાકરટેટી | ૧૦૦ | ૨૫૦ |
| તરબુચ | ૧૨૦ | ૨૧૦ |
| બટેટા | ૧૮૦ | ૩૫૧ |
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૫૦ | ૧૪૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૫૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૫૫૦ | ૯૦૦ |
| ચોળાસીંગ | ૩૨૦ | ૫૧૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| દુધી | ૪૦ | ૮૦ |
| કારેલા | ૨૬૦ | ૫૨૦ |
| સરગવો | ૧૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૫૦ |
| પરવર | ૮૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૧૪૦ | ૩૪૦ |
| ગાજર | ૧૦૦ | ૨૪૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૨૦૦ |
| ગલકા | ૧૪૦ | ૩૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૦૦ |
| મેથી | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૭૦૦ |
| આદુ | ૭૨૦ | ૯૩૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| મકાઇ લીલી | ૧૬૦ | ૨૬૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| વટાણા | ૧૩૪૧ | ૧૩૪૧ |
| કપાસ | ૧૧૬૧ | ૧૫૦૬ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૫૫૨ |
| ઘઉં ટુકડા | ૪૯૪ | ૫૯૬ |
| મગફળી જીણી | ૮૭૧ | ૧૬૫૧ |
| સિંગદાણા જાડા | ૧૧૮૧ | ૧૬૬૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૨૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૨૩૬ |
| તલ લાલ | ૧૮૫૧ | ૧૮૫૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૧૬૧ |
| ક્લંજી | ૧૦૦૦ | ૪૦૬૧ |
| વરીયાળી | ૧૨૩૧ | ૧૨૩૧ |
| ધાણા | ૮૦૦ | ૧૪૫૧ |
| લસણ સુકું | ૭૧૧ | ૧૨૭૧ |
| અડદ | ૫૦૧ | ૧૪૩૧ |
| તુવેર | ૭૫૧ | ૧૩૯૧ |
| રાયડો | ૧૦૫૧ | ૧૦૭૧ |
| મેથી | ૫૫૧ | ૧૦૪૧ |
| કાંગ | ૪૦૦ | ૬૦૧ |
| મગફળી જાડી | ૭૪૧ | ૧૪૫૧ |
| સફેદ ચણા | ૧૦૪૧ | ૨૦૦૧ |
| મગફળી નવી | ૯૫૦ | ૧૨૬૧ |
| તલ - તલી | ૧૪૦૧ | ૨૩૪૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૮૦૧ |
| બાજરો | ૩૦૧ | ૪૫૧ |
| જુવાર | ૭૫૧ | ૭૫૧ |
| મકાઇ | ૪૫૧ | ૫૫૧ |
| મગ | ૧૫૦૧ | ૧૮૩૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૯૧ |
| વાલ | ૫૦૧ | ૧૦૧૧ |
| ચોળા / ચોળી | ૬૧૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૩૬ |
| ગોગળી | ૬૦૦ | ૧૦૨૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૦૦ | ૩૬૦ |
| મરચા | ૧૮૦ | ૮૦૦ |
| ગુવાર | ૩૮૦ | ૧૪૦૦ |
| કોબી | ૪૦ | ૩૦૦ |
| દુધી | ૨૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૬૦૦ |
| કાકડી | ૮૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૮૦ | ૫૦૦ |
| ગલકા | ૪૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૯૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૬૦૦ |
| શક્કરીયા | ૨૮૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૯ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૭ |
| કાચા કેળા | ૩૦૦ | ૫૦૦ |
| પચકારુ | ૩૨૦ | ૪૨૦ |
| ચ્રૂણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૭૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૯ | ૩૦ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| સરગવો પુરા | ૫ | ૨૦ |
| ચોરા | ૧૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૫૮૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૨૦૦ |
| આદુ | ૫૦૦ | ૯૦૦ |
| પાલક પુરા | ૨ | ૬ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૭૫૫ | ૧૧૫૩ |
| ગીરનાર શીંગ | ૧૦૫૬ | ૧૦૭૫ |
| શિંગ મોટી | ૮૩૧ | ૧૦૭૧ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૩૩૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૫૨૫ |
| તલ કાળા | ૨૬૭૦ | ૩૯૦૧ |
| તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૦૧૫ |
| બાજરો | ૩૦૨ | ૫૨૩ |
| જુવાર | ૪૦૦ | ૮૧૮ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૮ |
| ઘઉં લોકવન | ૪૬૯ | ૫૩૯ |
| મકાઈ | ૫૫૦ | ૫૫૦ |
| મગ | ૧૩૬૭ | ૧૮૩૦ |
| ચણા | ૮૯૭ | ૧૦૭૯ |
| ચણા સફેદ | ૧૦૭૦ | ૧૧૧૦ |
| છોલે ચણા | ૧૦૮૧ | ૧૮૫૬ |
| તુવેર | ૧૦૪૫ | ૧૩૪૦ |
| કપાસ | ૮૯૦ | ૧૫૪૮ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૯૮ |
| જીરૂ | ૩૬૨૫ | ૩૮૦૦ |
| રાયડો | ૯૩૩ | ૧૦૪૦ |
| રાય | ૮૨૦ | ૧૦૫૫ |
| ધાણા | ૧૨૫૧ | ૧૪૩૫ |
| ધાણી | ૯૦૦ | ૧૫૫૦ |
| મેથી | ૬૦૦ | ૯૧૧ |
| સોયાબીન | ૭૧૦ | ૮૩૦ |
| કાંગ | ૪૧૫ | ૪૬૦ |
| સુવાદાણા | ૧૨૦૦ | ૧૨૧૫ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૨૦ | ૩૨૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૩૦૦ | ૪૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| દૂધી | ૪૦ | ૧૦૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૭૦૦ |
| ગરમર | ૬૦૦ | ૮૦૦ |
| કાચી કેરી | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| ગુંદા | ૫૦૦ | ૭૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૪૦૦ |
| પાકી કેરી | ૬૦૦ | ૧૨૦૦ |
| સરગવો | ૩૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૨૦૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૯૧૦ | ૧૦૬૬ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૪૯૩ |
| ચણા | ૧૦૫૧ | ૧૦૭૧ |
| ધાણા | ૧૨૪૫ | ૧૨૪૫ |
| તલ | ૧૪૬૦ | ૧૪૬૦ |
| શીંગ દાણા | ૧૪૮૨ | ૧૫૬૬ |
| શીંગ ફાડા | ૧૧૨૫ | ૧૨૫૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૭૧ |
| મગ | ૧૨૭૫ | ૧૨૭૫ |
| સોયાબીન | ૬૬૦ | ૭૬૫ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૩૫ | ૧૪૬૧ |
| મગફળી | ૯૧૯ | ૯૨૦ |
| ચણા | ૧૦૫૧ | ૧૦૮૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| બાજરો | ૫૭૧ | ૫૭૧ |
| જીરૂ | ૩૭૨૦ | ૩૭૨૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૭ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૪૯૭ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૭ |
| ચણા સફેદ | ૧૦૩૫ | ૧૦૩૫ |
| મકાઈ | ૪૮૦ | ૪૮૦ |
| ધાણા | ૯૬૦ | ૧૦૪૦ |
| શીંગ દાણા | ૯૯૦ | ૧૧૩૫ |
| મગફળી | ૬૫૦ | ૯૦૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૨૮૦ |
| સોયાબીન | ૭૪૧ | ૭૮૩ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૧૫ |
| એરંડી | ૧૧૨૪ | ૧૧૨૪ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૪૦ |
| કપાસ મીડીયમ | ૧૧૩૦ | ૧૩૮૦ |
| મગફળી જી ૨૦ | ૯૯૫ | ૧૦૨૫ |
| ચણા | ૧૦૫૯ | ૧૦૯૧ |
| જીરૂ | ૩૩૩૦ | ૪૦૭૦ |
| ઘઉં | ૪૭૭ | ૫૦૩ |
| તલ સફેદ | ૧૬૮૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૩૨૮૦ | ૩૫૧૦ |
| બાજરો | ૪૫૭ | ૫૨૩ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૮૦૦ | ૧૦૦૮ |
| તલ સફેદ | ૧૭૬૧ | ૨૨૮૬ |
| તલ પીળા | ૧૯૦૦ | ૨૦૫૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૨૦ |
| બાજરો | ૩૯૧ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૮૧ |
| જુવાર | ૬૭૧ | ૯૮૦ |
| મકાઇ | ૪૫૦ | ૪૫૦ |
| મગ | ૧૪૦૦ | ૧૫૦૧ |
| તુવેર | ૯૫૧ | ૧૧૫૨ |
| ચણા | ૮૭૨ | ૧૦૮૦ |
| જીરૂ | ૩૭૦૧ | ૪૩૫૦ |
| રાય | ૯૨૬ | ૧૦૫૨ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ નવી | ૯૮૦ | ૧૨૨૭ |
| શીંગ ૩૨ | ૯૭૦ | ૧૦૫૭ |
| શીંગ જી-૨૦ | ૯૬૦ | ૧૦૪૦ |
| એરંડા | ૯૧૦ | ૧૧૭૬ |
| જુવાર | ૨૦૦ | ૭૪૩ |
| બાજરી | ૩૦૦ | ૬૦૮ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૭ |
| મગ | ૭૪૦ | ૧૬૩૨ |
| મેથી | ૫૨૦ | ૭૪૦ |
| સોયાબીન | ૭૬૯ | ૭૭૭ |
| ચણા | ૧૦૬૩ | ૧૦૮૫ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૬૩ |
| તલ કાળા | ૨૨૦૦ | ૪૦૦૦ |
| તુવેર | ૪૦૦ | ૧૩૩૦ |
| વરીયાળી | ૧૩૦૦ | ૧૭૦૦ |
| નાળીયેર | ૩૪૦ | ૨૫૦૨ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| મગ | ૧૦૦૦ | ૧૬૧૧ |
| ચણા | ૮૦૦ | ૧૦૪૬ |
| તુવેર | ૯૦૦ | ૧૩૧૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૨૧ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૧૧ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૦૨૧ |
| મેથી | ૫૦૦ | ૮૦૧ |
| ધાણા | ૮૦૦ | ૧૩૦૧ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૧ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૪૦૦ | ૬૯૫ |
| બાજરો | ૩૦૦ | ૫૩૫ |
| મગ | ૯૦૦ | ૧૭૧૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૩૦ |
| તુવેર | ૬૦૦ | ૧૩૬૫ |
| ચોળી | ૧૩૦૦ | ૧૭૧૦ |
| વાલ | ૫૦૦ | ૭૨૦ |
| મેથી | ૮૫૦ | ૧૧૪૮ |
| ચણા | ૯૦૦ | ૧૦૭૮ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૧૦૫ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૦૨૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૧૩ |
| તલ | ૧૫૦૦ | ૨૧૦૫ |
| રાયડો | ૯૦૦ | ૧૦૯૭ |
| રાઈ | ૧૦૦૦ | ૧૩૦૫ |
| લસણ | ૬૦૦ | ૧૨૪૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૨૬૦૦ | ૩૯૪૦ |
| અજમો | ૧૦૫૦ | ૨૬૧૫ |
| ડુંગળી | ૩૦ | ૧૫૫ |
| ઈસબગુલ | ૧૨૦૦ | ૧૭૬૦ |
| સોયાબીન | ૭૭૫ | ૭૯૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૮૬૦ |
| રાજમા | ૪૦૦ | ૯૪૫ |


Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ભારતના ઔદ્યોગિક વિકાસના એન્જિન તરીકે ગુજરાતની મહત્વની ભૂમિકા

**રાજય સરકારે ટાસ્ક ફોર્સની રચના કરી**

ગાંધીનગર,તા.૨૨

ભારતના ઔદ્યોગિક વિકાસના એન્જિન તરીકે ગુજરાતની ભૂમિકા વધુ મજબૂત થવા જઈ રહી છે. ગુજરાત સરકારે વિકસિત ભારત @૨૦૪૭ના સંદર્ભમાં તેની ઔદ્યોગિક નીતિની રૂપરેખાની સમીક્ષા અને તેમાં સુધારો કરવા માટે મહત્વની પહેલ હાથ ધરી છે, જે ભારતને ૨૦૪૭ સુધીમાં એક વિકસિત દેશ બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનમાં નોંધપાત્ર યોગદાન આપશે. આ પહેલનો ઉદ્દેશ એક ડેટા-આધારિત, અત્યાધુનિક પોલિસી ફ્રેમવર્ક (નીતિ માળખું) સ્થાપિત કરવાનો છે, જે રોકાણને અનુકૂળ હોય,



નવીનતાને પ્રોત્સાહન આપે અને લાંબા ગાળાના સામાજિક અને આર્થિક વિકાસને વેગ આપે. આ લક્ષ્યને સાકાર કરવા માટે સરકારે ૧૨ વિશિષ્ટ ટાસ્ક ફોર્સ સમિતિઓની રચના કરી છે. આ સમિતિઓ વર્તમાન નીતિઓની સમીક્ષા કરશે, વૈશ્વિક ધોરણો સાથે સરખાવીને તેમાં સુધારો કરવાનો પ્રયત્ન કરશે અને ઊભરતા આર્થિક અને તકનીકી વલણોને સંબોધવા માટે વ્યૂહરચનાઓ તૈયાર કરશે અને એક વિકસિત દેશ બનાવવામાં મદદરૂપ થશે.

# ગુજરાતના ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશન અંબાલાલ આર. પટેલે ખોડલધામ મંદિરની મુલાકાત લીધી

કાગવડ, તા.૨૨

ગુજરાતના ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશન અને નિવૃત્ત પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અંબાલાલ આર. પટેલે ૨૧ મેના રોજ, પરિવાર સાથે રાજકોટ શહેર સ્થિત ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના મુખ્ય કાર્યાલય સરદાર પટેલ ભવન અને કાગવડ ખાતેના ખોડલધામ મંદિરની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન, ટ્રસ્ટીઓ



અને ખોડલધામ લીગલ સમિતિ દ્વારા અંબાલાલ આર. પટેલનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે રાજકોટ સ્થિત મુખ્ય કાર્યાલયે ચાલતી શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓ નિહાળી હતી અને સમાજહિતમાં થતી આ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. અંબાલાલ આર. પટેલે કાગવડ ગામ પાસે આવેલા ખોડલધામ મંદિરે મા ખોડલના દર્શન કરીને આશીર્વાદ લીધા હતા અને સમગ્ર મંદિર પરિસરની મુલાકાત કરી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, "ઘણા સમયથી મા ખોડલના દર્શન કરવાની ઈચ્છા હતી જે આજે પૂર્ણ થઈ છે. પરિવાર અને મિત્રો સાથે આજે મા ખોડલના દર્શન કરવાનો લ્હાવો મળ્યો છે. ટ્રસ્ટ દ્વારા મારું સ્વાગત કરાયું તે બદલ આભાર વ્યક્ત કરું છું.

# ગીર સોમનાથમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંગે કલેકટરની બેઠક યોજાઈ

ઉના, તા.૨૨



પર્યાવરણ જાગૃતિ અર્થે પાંચ જૂનના રોજ ઉજવાનાર 'વિશ્વ પર્યાવરણ દિવસ' ની ઉજવણી અંગે ગીર સોમનાથ જિલ્લા કલેકટર એન.વી. ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આ વર્ષની થીમ 'વિશ્વભરમાંથી પ્લાસ્ટિક પ્રદૂષણ નાબૂદ થાય' છે. કલેકટરએ તા. ૨૨ મે થી ૫ જૂન સુધી જિલ્લાના ધાર્મિક સ્થળોની સફાઈ, મેરેથોન, વોક-વે થોન, વેપારીઓ સાથે સેમિનાર, શાળા-કોલેજોમાં જાગૃતિ કાર્યક્રમો, નુક્કડ નાટકો અને ઉદ્યોગોમાં પ્લાસ્ટિક પ્રદૂષણ નાબૂદી અંગેના કાર્યક્રમો યોજવા અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાના ખેડૂતોને માવઠાથી થયેલા નુકસાન માટે તાત્કાલિક સહાયની જીજ્ઞેશ પટેલની માગ

રાજુલા, તા.૨૨

રાજુલા અને આસપાસના વિસ્તારોમાં તાજેતરમાં થયેલા માવઠા અને ભારે વરસાદના કારણે ખેડૂતોને થયેલા વ્યાપક નુકસાન અંગે તાત્કાલિક સર્વે કરી યોગ્ય સહાય ચુકવવા માટે માર્કેટ યાર્ડ-રાજુલા અને રા.ખાં. તા.સ.સંઘ લી.-રાજુલાના પ્રમુખ જીજ્ઞેશ એમ. પટેલે રાજ્યના કૃષિ, પશુપાલન અને ગૌ સંવર્ધન



મંત્રી રાઘવજીભાઈ એચ. પટેલને પત્ર લખી રજૂઆત કરી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, અચાનક વાતાવરણમાં આવેલા પરિવર્તનના કારણે રાજુલા અને આસપાસના વિસ્તારમાં માવઠા સાથે ભારે વરસાદ પડ્યો હતો, જેના પરિણામે ખેડૂતોને ખૂબ જ મોટું નુકસાન થયું છે. હાલ ઉનાળાની સિઝન હોવાથી ખેતરમાં વાવેલા તલ, બાજરી, ડુંગળી જેવા ઉનાળુ પાકોને ભારે અસર થઈ છે. આ ઉપરાંત, બાગાયતી ખેતીમાં કેરીના પાકને પણ આ વરસાદના કારણે મોટું નુકસાન થયું છે. જીજ્ઞેશ પટેલે સરકારને વહેલી તકે સ્થળ સર્વે કરાવી, થયેલા નુકસાન અંગે કામગીરી કરીને ખેડૂતોને યોગ્ય અને સમય મર્યાદામાં સહાય મળે તેવી વિનંતી કરી છે. ચોમાસાની સિઝનની કામગીરી શરૂ થવાની હોવાથી, ખેડૂતોને થયેલા નુકસાનનો તાત્કાલિક સર્વે કરાવી અને આ બાબતે તાત્કાલિક નિર્ણય કરવામાં આવે તેવી રજૂઆત કરી છે.

# ડોળાસા ખાતે 'સો દિવસ ટીબી કેમ્પેઈન'નો પ્રારંભ

ઉના, તા.૨૨




તસવીર : કૈલાશ ભટ્ટ

ટીબી મુક્ત ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે સરકાર દ્વારા શરૂ કરાયેલા 'સો દિવસ ટીબી કેમ્પેઈન'નો ડોળાસા ખાતે પ્રારંભ થયો છે. આ અભિયાન અંતર્ગત ટીબી નિદાન માટે ૧૦૦ દિવસ સુધી વિશેષ કાળજી લેવાશે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વિઠ્ઠલપુર-વેલણ વિસ્તારના ડાયાબિટીસ, કેન્સર અને જૂના ટીબી દર્દીઓ, તેમના પરિવારજનો તેમજ વડીલોના એક્સ-રે કરવામાં આવી રહ્યા છે. પ્રથમ બે દિવસમાં ૪૫ લોકોના એક્સ-રે કરાયા છે. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. એમ.આર. પઢીયારે સહયોગ માટે હાકલ કરી છે.

# ગીરગઢડા પોલીસના બે GRD જવાનોની અપ્રતિમ પ્રામાણિકતા

ઉના, તા.૨૨

ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બે GRD (ગ્રામ રક્ષક દળ) જવાને પોતાની નાઈટ ડ્યુટી દરમિયાન મળી આવેલ રોકડ રકમ અને મહત્વના દસ્તાવેજો ભરેલ પાકીટ તેના મૂળ માલિકને પરત કરીને પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ઘટનાએ પોલીસ પરિવારનું ગૌરવ વધાર્યું છે અને તેમની નિષ્ઠાવાન ફરજ પ્રત્યે સરાહના થઈ રહી છે. ગીરગઢડા પોલીસ અધિકારી પીઆઈ વાય. આર. ચૌહાણ અને પીએસઆઈ વી.એન. મોરવાડીયાના માર્ગદર્શન હેઠળ, GRD જવાન બાવામીયા કાદરી અને સાદીકભાઈ આરબ ગીરગઢડા પટેલ સમાજની વાડી પાસે નાઈટ પેટ્રોલિંગ કરી રહ્યા હતા. રાત્રિના ૧૦:૩૦ થી વહેલી સવારે ૫:૦૦ વાગ્યા સુધી પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવતી વખતે, તેમની



નજર રસ્તા પર પડેલા એક પાકીટ પર પડી હતી. પાકીટ ઉપાડીને જોતા તેમાં રોકડ રકમ અને કેટલાક કિંમતી દસ્તાવેજો હતા. ડ્યુટી પૂર્ણ થતાં જ, બંને જવાને આ બાબતે ગીરગઢડા પોલીસ અધિકારીને જાણ કરી અને પાકીટ પોલીસ સ્ટેશનમાં જમા કરાવ્યું હતું. ત્યારબાદ, દસ્તાવેજોના આધારે પોલીસે પાકીટના મૂળ માલિક અક્ષયભાઈ જેરામભાઈ કાનાણી (રહે. ગીરગઢડા)નો સંપર્ક કરી રોકડ રકમ અને જરૂરી દસ્તાવેજો સાથેનું પાકીટ પરત કર્યુ હતું.

# વડોદરામાં વિધર્મીએ સગીરાને ફસાવી, ધર્માંતરણ કરવા દબાણ કર્યું

વડોદરા,તા.૨૨

વડોદરામાં લવજેહાદમાં તપાસનો ધમધમાટ શરૂ થયો છે. સગીરા સાથે દોઢ વર્ષ સુધી લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યું હતું. જેમાં આજવા રોડના સાહેલ પઠાણ સહિત ૩ વિધર્મીઓની ધરપકડ કરાઈ છે. સાહેલ સગીરાને ધર્મ પરિવર્તન કરવા દબાણ કરતો હતો. સાહેલ પઠાણએ સગીરાની મારઝૂડ શરૂ કરતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સાથે જ અન્ય બે મદદગાર વિધર્મીની પણ ધરપકડ કરવામાં આવી છે. કપુરાઈ પોલીસ મથક હદમાં કથિત લવ જેહાદનો મામલો આવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જેમાં ડીસીપી અભિષેક ગુપ્તાએ આ અંગે પોતાનું નિવેદન આપ્યું છે કે, સાહેલ પઠાણ નામના વિધર્મીએ સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. બે દિવસ અગાઉ કિશોરીએ ફરિયાદ નોંધાવી હતી.



સગીરા રીક્ષા ચાલક સોહેલ પઠાણના સંપર્કમાં આવી હતી. વિધર્મી રિક્ષા ચાલકે બે વર્ષ સુધી કિશોરીનું શોષણ કર્યું હતું. સાથે જ તે કિશોરીને ધર્મ પરિવર્તન માટે દબાણ કરતો અને કોઈની સાથે વાતચીત કરવા દેતો નહોતો. તેથી સગીરાએ તેના ત્રાસથી કંટાળીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તેથી પોલીસે લવજેહાદના કિસ્સાની તપાસ શરૂ કરી હતી. જેમાં સાહેલ પઠાણ સહિત ૩ વિધર્મીઓની ધરપકડ હતી. અન્ય બે આરોપીઓના નામ મોહંમદ જુનેદ અને ફઈમ અફીમ વાલા હોવાનું સામે આવ્યું છે.

# સુરતમાં સિવિલ ડિફેન્સ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

સુરત,તા.૨૨

સુરતના પુણામાં લોકસમર્પણ બ્લડ બેન્ક ખાતે ડિવિઝનલ વોર્ડન સિવિલ ડિફેન્સ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કલ્પેશભાઈ બોરડ નામના યુવાને તેના ૪૮મા જન્મ દિવસ નિમિત્તે ૬૧મી વાર રક્તદાન કર્યું હતું. આ કેમ્પનું આયોજન હાલના ઓપરેશન સિંદૂરના અનુસંધાને કરવામાં



આવ્યું હતું. ખાસ તો આ કેમ્પમાં યુવાન અને પ્રથમવાર રક્તદાન કરી રહ્યા હોય તેવા નવયુવાનો સાથે મળીને આ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. આ કેમ્પમાં સિવિલ ડિફેન્સ સુરત યુનિટના ઑફિસર્સ અને વોર્ડન મિત્રો હાજર રહ્યા હતા.

# સિહોરનાં ભાવનગર રોડ પર ખુલ્લા ટ્રાન્સફોર્મરથી અકસ્માત થવાનો ભય



સિહોર,તા.૨૨

છોટી કાશી ગણાતા સિહોરમાં ભાવનગર રોડ પર આર.ઝેડ. ધોળકિયા હાઉસની સામે, હાઈવે પર આવેલું ટ્રાન્સફોર્મર ખુલ્લું હોવાને કારણે ગંભીર અકસ્માત થવાનો ભય રહ્યા કરે છે. આથી પી.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓ તાત્કાલિક ત્યાં સલામતી માટે જાળી ફિટ કરી આપે એવી સ્થાનિકો માગણી કરી રહ્યા છે.

# રાજકોટ શહેરમાં કોરોનાનો કેસ નોંધાતા શહેરીજનોમાં ફફડાટ

રાજકોટ,તા.૨૨

ગુજરાતમાં ફરી એકવાર કોરોના મહામારીનો કહેર વધી રહ્યો છે. કોરોનાના કેસની સંખ્યામાં એક પછી એક વધારો થઈ રહ્યો છે. ત્યારે હવે રાજકોટમાં ફરી એક કોરોનાનો કેસ નોંધાયો છે. વિદેશથી આવેલા એક વ્યક્તિમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા છે. રાજ્યમાં કોરોનાના કુલ ૧૩ કેસ નોંધાયા છે. રાજકોટ શહેરમાં કોરોનાનો પગપેસારો જોવા મળ્યો છે જેમાં ૪૩ વર્ષનો પુરુષ કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે.



વિદેશથી પરત આવતા વ્યક્તિમાં કોરોનાના લક્ષણો જોવા મળતા હતા ત્યાર બાદ રિપોર્ટ કરાવાયો હતો. રાજકોટના ન્યુ ઓમનગર વિસ્તારમાં કોરોના પોઝિટિવનો કેસ નોંધાયો છે. સામાન્ય લક્ષણો હોવાથી દર્દીને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યો છે.


**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં. /૨૦૨૫

**પ્રતિ,**
શ્રી વિઠલાણી લક્ષ્મીદાસ લવજીભાઈ
રહે. કૃષ્ણ નગર સોસાયટી, તા. કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વકીલશ્રી એસ.એમ.જોષી રહે.કોડીનાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સરખડી તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના સરખડી ગામના રહીશ **શ્રી નાનાલાલ દયાળજીભાઈ લાખાણી તથા શ્રી નિર્મળાબેન નાનાલાલ લાખાણી નો પુત્ર શૈલેશભાઈ નાનાલાલ લાખાણી** નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ માં કોડીનાર તાલુકાના સરખડી ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ **કોડીનાર તાલુકાના સરખડી ગામના સને. ૧૯૬૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.** જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૨/૦૫/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/ અરજી નં.૨૫/૨૦૨૫

અરજદારશ્રી:- દેવચંદભાઈ લાભુભાઈ ઉચદડીયા,
રે. પીયાવા તા.સાવરકુંડલા, જિ.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તકમશ્રી પીયાવા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના મોટાબેન પ્રભાબેન લાભુભાઈ ઉચદડીયાનું મરણ તા.૨૭/૦૨/૧૯૯૭ ના રોજ મુ.પીયાવા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૭૧/૨૦૨૫

**અરજદાર :-** શ્રી માંજરીયા ભીમભાઈ રામભાઈ
રે.મુ. મોટાઆંકડીયા, તા.જી.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટાઆંકડીયા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટાઆંકડીયા ગામમાં અરજદારશ્રી માંજરીયા ભીમભાઈ રામભાઈ તેઓના નાનાભાઈ બાવકુભાઈ રામભાઈ માંજરીયાની ની મરણ (તા.૨૩/૦૭/૧૯૯૮)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૨/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૪૪/૨૫ તા.૧૨/૦૫/૨૦૨૫

**વિવાદી :-** **શ્રી હિંમતભાઈ મનજીભાઈ ઉર્ફે મનુભાઈ નારોલા,**
**ઠે.બહારપરા, દામનગર, તા.લાઠી, જી.અમરેલી મો.૯૯૭૮૮૯૬૧૪૧**
**C/O અરજદારશ્રીના વિ.વ.શ્રી રીઝવાન આર. ચુડાસમા**
**ઠે. નગરપાલીકા શોપીંગ સેન્ટર દુકાન નં.૧૪, દામનગર, તા.લાઠી**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ચિફ ઓફીસરશ્રી નગરપાલીકા દામનગર તા.લાઠી, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રી હિંમતભાઈ મનજીભાઈ ઉર્ફે મનુભાઈ નારોલા નો જન્મ તા.૧૯/૦૫/૧૯૬૮ના રોજ દામનગર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૪/૦૪/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

# આતંકવાદીઓ પાકિસ્તાનમાં હશે તો ત્યાં ઘૂસીને મારીશું: એસ.જયશંકરની ચેતવણી

નવીદિલ્હી,તા.૨૨

આતંકવાદ સામે લડવા માટે ભારતના અભિગમની રૂપરેખા આપતા, વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું છે કે 'ઓપરેશન સિંદૂર' ચાલુ છે કારણ કે જો પહેલગામમાં થયેલા હુમલા જેવો બીજો કોઈ આતંકવાદી હુમલો થશે તો ભારત તેનો જવાબ આપશે. તેમણે કહ્યું કે જો પાકિસ્તાનમાંથી આતંકવાદી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે, તો તેઓ તેમને નિશાન બનાવશે. નેધરલેન્ડ સ્થિત એનઓએસને આપેલા ઈન્ટરવ્યુમાં, જયશંકરે કહ્યું કે ભારતે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જારી કરાયેલી યાદીમાં નામ આપવામાં આવેલા આતંકવાદી લક્ષ્યો પર હુમલો કર્યો હતો. તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ નિયમિતપણે મુખ્ય આતંકવાદીઓ, તેમના રહેઠાણના સ્થળો અને તેમના



કાર્યસ્થળો વિશે માહિતી ધરાવતી યાદી બહાર પાડે છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ઓપરેશન ચાલુ છે, ત્યારે વિદેશ મંત્રીએ જવાબ આપ્યો, "ઓપરેશન ચાલુ છે કારણ કે તે ઓપરેશનમાં સ્પષ્ટ સંદેશ છે કે ૨૨ એપ્રિલ જેવા કૃત્યો જોવા મળશે, તો જવાબ આપવામાં આવશે, અમે આતંકવાદીઓને મારી નાખીશું. જો આતંકવાદીઓ પાકિસ્તાનમાં હશે, તો અમે તેમને ત્યાં મારી નાખીશું, તેથી ઓપરેશન ચાલુ રાખવામાં એક સંદેશ છે. જોકે, ઓપરેશન ચાલુ રાખવું એ એકબીજા પર ગોળીબાર કરવા જેવું નથી.

# સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે જાપાન અને યુએઈને 'ઓપરેશન સિંદૂર' વિશે માહિતી આપી

અબુધાબી,તા.૨૨

પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ અને 'ઓપરેશન સિંદૂર' પછી, ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાનું વલણ સ્પષ્ટ કરવા માટે એક વિશાળ રાજદ્વારી સંપર્ક અભિયાન શરૂ કર્યું છે. આ અંતર્ગત, ૩૩ દેશોની રાજધાનીઓમાં ૭ બહુપક્ષીય સંસદીય પ્રતિનિધિમંડળો મોકલવામાં આવી રહ્યા છે.



આ સંદર્ભમાં, ગુરુવારે, પહેલા બે પ્રતિનિધિમંડળો જાપાન અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) પહોંચ્યા અને પાકિસ્તાનના દુષ્કૃત્યોની જાણ કરી. ભારતીય પ્રતિનિધિમંડળે પુરાવા સાથે તેના મિત્ર દેશો સમક્ષ પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો પર્દાફાશ કર્યો હતો.

યુએઈ પહોંચેલા પ્રતિનિધિમંડળનું નેતૃત્વ શિવસેનાના સાંસદ ડૉ. શ્રીકાંત શિંદે કરી રહ્યા છે. પ્રતિનિધિમંડળે અબુ ધાબીમાં યુએઈ ફેડરલ નેશનલ કાઉન્સિલના સભ્ય અહેમદ મીર ખૌરીને મળ્યા હતા. બેઠકમાં તેમણે પાકિસ્તાની ધરતી પરથી નીકળતા આતંકવાદ અને ભારતની સ્વ-રક્ષા નીતિ વિશે વિગતવાર માહિતી આપી હતી.

# દેશની માહિતી લીક કરનાર યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાને વધુ ૪ દિવસના રિમાન્ડ

નવીદિલ્હી,તા.૨૨

પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ કરાયેલી જ્યોતિ મલ્હોત્રાના રિમાન્ડ ચાર દિવસ માટે લંબાવવામાં આવ્યા છે. પોલીસે રાત્રે ૧૧:૩૦ વાગ્યે જ્યોતિ મલ્હોત્રાની તબીબી તપાસ કરાવી. ત્યારબાદ આજે સવારે ૯:૩૦ વાગ્યે તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. અત્યાર સુધીની તપાસમાં એજન્સીઓને ઘણી મહત્વપૂર્ણ માહિતી મળી છે. જ્યોતિ પાકિસ્તાન હાઈ કમિશનના



અધિકારી દાનિશના સતત સંપર્કમાં હતી. પૂછપરછ દરમિયાન જ્યોતિ મલ્હોત્રાએ જણાવ્યું કે તે ૨૦૨૩ માં પાકિસ્તાન જવા માટે વિઝા મેળવવા માટે દિલ્હી સ્થિત પાકિસ્તાન હાઈ કમિશન ગઈ હતી. જ્યાં તેની મુલાકાત અહસાન-ઉર-રહીમ ઉર્ફે દાનિશ સાથે થઈ હતી.

# તમિલનાડુના તંજાવુરમાં બસ અને ટેમ્પો વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં પાંચના મોત

**ભારે વરસાદને કારણે આઠ લોકોના મોત નિપજ્યા**

(એચ.એસ.એલ),તંજાવુર,તા.૨૨

તમિલનાડુના તંજાવુર જિલ્લામાં એક માર્ગ અકસ્માત થયો હતો. ગુરુવારે એક સરકારી બસ અને એક ખાનગી ટેમ્પો વાન સામસામે અથડાયા હતા. આ અથડામણમાં ઓછામાં



ઓછા પાંચ લોકોના મોત થયા છે. તંજાવુર જિલ્લા કલેક્ટર પ્રિયંકા બાલાસુબ્રમણ્યમે જણાવ્યું હતું કે આ અકસ્માત તંજાવુર-તિરુચિરાપલ્લી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સેંગકીપટ્ટી પુલ પાસે થયો હતો. આ સંદર્ભમાં વધુ માહિતી આવવાની બાકી છે. બીજી તરફ, છેલ્લા બે દિવસમાં કર્ણાટક અને તમિલનાડુમાં વરસાદ સંબંધિત વિવિધ ઘટનાઓમાં ઓછામાં ઓછા આઠ લોકોના મોત થયા છે. આમાં બેંગલુરુમાં ત્રણ મૃત્યુનો સમાવેશ થાય છે, જ્યાં રવિવારથી ભારે વરસાદ પડી રહ્યો છે, જેના કારણે શહેરના ઘણા ભાગો પાણીમાં ડૂબી ગયા છે અને જનજીવન ખોરવાઈ ગયું છે.

# તમિલનાડુની સરકારી દારૂ કંપની પર ઈડીના દરોડા સામે સુપ્રીમ કોર્ટ ખફા

ચેન્નાઈ,તા.૨૨

તમિલનાડુની સરકારી દારૂ કંપની ટાસમેકના મુખ્યાલય પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા કરાયેલા દરોડાના કેસમાં સુપ્રીમ કોર્ટે મોટો હસ્તક્ષેપ કર્યો છે. કોર્ટે આ મામલે નોટિસ જારી કરી છે, જેમાં હાલ માટે ઈડી તપાસ પર રોક લગાવી દીધી છે. સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ બી.આર. ગવઈએ કડક ટિપ્પણી કરતા કહ્યું, "તમે વ્યક્તિઓ સામે કાર્યવાહી કરી શકો છો, પરંતુ સમગ્ર કોર્પોરેશનો સામે? ઈડી બધી મર્યાદાઓ પાર કરી રહી છે." આ સાથે, કોર્ટે આ મામલે ઈડીને નોટિસ જારી કરી છે, જેનો જવાબ વેકેશન પછી માંગવામાં આવ્યો છે. તમિલનાડુ સરકાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોર્ટને જણાવ્યું હતું કે, "ઈડીએ ટાસમેક અધિકારીઓના બધા મોબાઈલ ફોન જપ્ત કર્યા છે અને તેમનો તમામ ડેટા ક્લોન કરવામાં આવ્યો છે. આ ગોપનીયતાનું ગંભીર ઉલ્લંઘન છે.

# મહારાષ્ટ્ર સરકારે 'મેઈક ઈન પાકિસ્તાન' ઉત્પાદનો વેચનારાઓ સામે કાર્યવાહી કરી

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૨

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પાકિસ્તાનમાં બનેલા ઉત્પાદનો વેચતા ઓનલાઈન પ્લેટફોર્મ સામે કડક વલણ અપનાવ્યું છે. ઈન્ડિયા ટીવી સાથે વાત કરતા ફડણવીસે કહ્યું કે પાકિસ્તાની સામાન ઓનલાઈન વેચતા તમામ પોર્ટલ સામે કેસ દાખલ કરીને કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે ગઈકાલે અમે બતાવ્યું હતું કે કેવી રીતે એમેઝોન અને મીશો જેવા પ્લેટફોર્મ પર પાકિસ્તાની ઉત્પાદનોનું મોટા પાયે વેચાણ થઈ રહ્યું છે. દિલ્હી, મેરઠ, માલેગાંવમાં પાકિસ્તાની ઉત્પાદનોના ડીલરો છે જે ઓનલાઈન ઓર્ડર મળતાં સમગ્ર દેશમાં માલ સપ્લાય કરે છે.

અગાઉ, કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહલાદ જોશીએ એક્સ



પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટીએ પાકિસ્તાની ધ્વજ અને સંબંધિત વસ્તુઓના વેચાણ અંગે એમેઝોન ઈન્ડિયા, ફ્લિપકાર્ટ, યુબાય ઈન્ડિયા, એટ્સી, ધ ફ્લેગ કંપની અને ધ ફ્લેગ કોર્પોરેશનને નોટિસ ફટકારી છે. જોશીએ કહ્યું કે આવી અસંવેદનશીલતા સહન કરવામાં આવશે નહીં. ઈ-કોમર્સ પ્લેટફોર્મને આવી બધી સામગ્રી તાત્કાલિક દૂર કરવા અને રાષ્ટ્રીય કાયદાઓનું પાલન કરવાનો નિર્દેશ આપવામાં આવે છે.

# ભારતે કરેલા હુમલા બાદ પાકિસ્તાનને ૧.૧૨ અબજ ડોલરનું નુકસાન:રિપોર્ટ

ન્યુ દિલ્હી,તા.૨૨

ભારતે ૧૫ દિવસ પછી 'ઓપરેશન સિંદૂર' દ્વારા ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલાનો બદલો લીધો જેમાં ભારતીય સેનાએ ૬-૭ મેની રાત્રે પાકિસ્તાન અને પીઓકેમાં ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો. ભારતે તેને બદલાની કાર્યવાહી ગણાવી હતી. આ પછી



પાકિસ્તાને સરહદ પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. ત્રણ દિવસ સુધી ચાલેલા આ સંઘર્ષમાં પાકિસ્તાનને ભારે નુકસાન થયું. પાકિસ્તાને ભારત તરફ ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા પરંતુ નિષ્ફળ ગયા. જવાબમાં, ભારતે પાકિસ્તાનના ઘણા એરબેઝનો નાશ કર્યો હતો. હવે એવા અહેવાલો સામે આવ્યા છે કે ભારતીય જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સંરક્ષણ પ્રણાલી દ્વારા પાકિસ્તાની વાયુસેનાના લગભગ ૪ F-16 સુપરસોનિક ફાઈટર જેટને તોડી પાડવામાં આવ્યા બાદ, તમામ એરબેઝ રીપેરીંગ માટે પાકિસ્તાનને ૧.૧૨ અબજ ડોલરનું નુકસાન થયુ હોવાનું જાણવા મળ્યુ છે.

# ઉધ્ધવ ઠાકરે પિતરાઈ ભાઈ રાજ ઠાકરે સાથે ગઠબંધન કરવા તૈયાર

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૨

શિવસેના યુબીટી નેતાઓએ મનસેને ગઠબંધન માટે ઓફર કરી છે. મહારાષ્ટ્રના રાજકારણમાં ઠાકરે પરિવાર ફરી એકવાર સાથે આવવાના સમાચાર છે. ઉદ્ધવ ઠાકરેએ ક્યારેય કલ્પના પણ નહીં કરી હોય કે રાજ્યમાં લાંબા સમયથી પ્રભુત્વ ધરાવતી તેમની શિવસેના (યુબીટી) આટલી



ખરાબ હાલતમાં છે. એક સમયે મુખ્યમંત્રીની ખુરશી પર બેઠેલા ઉદ્ધવ ઠાકરે પોતાના રાજકીય અસ્તિત્વ માટે લડી રહ્યા છે.

# વકફ માન્યતાને પડકારતી અરજી પર સુપ્રીમ કોર્ટે નિર્ણય અનામત રાખ્યો

ન્યુ દિલ્હી,તા.૨૨

સુપ્રીમ કોર્ટે ગુરુવારે વકફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ની માન્યતાને પડકારતી અરજીઓની સુનાવણી કર્યા પછી ત્રણ મુખ્ય મુદ્દાઓ પર વચગાળાના આદેશો અનામત રાખ્યા હતા. આમાં પરંપરાગત ઉપયોગના આધારે અથવા વકફનામા હેઠળ અદાલતો દ્વારા વકફ તરીકે જાહેર કરાયેલી મિલકતોને ડિનોટિફાઈ કરવાની સત્તા સંબંધિત મુદ્દો સામેલ છે. ચીફ જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે વચગાળાનો આદેશ અનામત રાખતા પહેલા લગભગ ત્રણ દિવસ સુધી સુધારેલા વકફ કાયદા વિરુદ્ધ અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલો કપિલ સિબ્બલ, રાજીવ ધવન અને અભિષેક મનુ સિંઘવીની દલીલો સાંભળી હતી. કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સરકારનો પક્ષ રજૂ કર્યો હતો.

# યુપીના મહેશગંજ વિસ્તારમાં ચાર બાળકીઓના ડૂબી જવાથી મોત

લખનૌ,તા.૨૨

ગુરુવારે સવારે ૧૦ વાગ્યે મહેશગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના દિહવા જલાલપુરના રહેવાસી ત્રણ બહેનોનું પડોશની એક છોકરી સાથે બકલૌહી નદીમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હતું. આ છોકરીઓ ચૂલા અને ઘર પર માટી નાખવા માટે માટી એકઠી કરવા ગઈ હતી. માટી એકઠી કરતી વખતે ઊંડા પાણીમાં ડૂબી જવાથી તેનું મૃત્યુ થયું. ઘટના સ્થળ કુંડા કોતવાલીના ચેતી સિંહ પુરવા છે. તેમની સાથે આવેલી



છોકરીએ એલાર્મ વગાડ્યા પછી, ગ્રામજનો ઘટનાસ્થળે દોડી ગયા અને જીતલાલની પુત્રીઓ સ્વાતિ (૧૩), સંધ્યા (૧૧) અને ચાંદની (૬) અને પૃથ્વીપાલની પુત્રી પ્રિયાંશી (૭) ને નદીમાં ડૂબી જવાથી બચાવી પરંતુ ત્યાં સુધીમાં તેનો શ્વાસ બંધ થઈ ગયો હતો.

# અમેરિકામાં ઈઝરાયલી દૂતાવાસના બે કર્મચારીઓની ગોળી મારીને હત્યા

વોશિંગ્ટન,તા.૨૨

અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીથી ચોંકાવનારા સમાચાર આવી રહ્યા છે, જેને વિશ્વનું સૌથી સુરક્ષિત સ્થળ પણ માનવામાં આવે છે. બુધવારે સાંજે અહીં ઈઝરાયલી દૂતાવાસના બે કર્મચારીઓની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના યહૂદી સંગ્રહાલય પાસે બની હતી. હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી ક્રિસ્ટી નોએમે આ ઘટનાની પુષ્ટિ કરી છે. યહૂદી સંગ્રહાલય વોશિંગ્ટન ડીસીમાં એફબીઆઈ ફિલ્ડ ઓફિસથી થોડા જ પગલાં દૂર આવેલું છે.

વોશિંગ્ટન ડીસીમાં કેપિટોલ યહૂદી સંગ્રહાલયમાં એક કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા હતા ત્યારે ઈઝરાયલી દૂતાવાસના બે કર્મચારીઓને નજીકથી ગોળી મારી દેવામાં આવી હતી. અમને કાયદા અમલીકરણ પર સંપૂર્ણ વિશ્વાસ છે કે તેઓ ગોળીબાર કરનારને પકડી લેશે અને યુનાઈટેડ સ્ટેટ્સમાં





ઈઝરાયલના પ્રતિનિધિઓ અને યહૂદી સમુદાયોનું રક્ષણ કરશે," યુએસમાં ઈઝરાયલી દૂતાવાસના પ્રવક્તા તાલ નઈમે જણાવ્યું હતું. આ સમગ્ર ઘટના અંગે યુએસ તપાસ એજન્સી એફબીઆઈના વડા કાશ પટેલે પણ એક નિવેદન જારી કર્યું છે. તેમણે કહ્યું, "મને અને મારી ટીમને વોશિંગ્ટન ફિલ્ડ ઓફિસ નજીક ગોળીબાર વિશે જાણ કરવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રમાં ઈઝરાયલના રાજદૂત ડેની ડેનને આ સમગ્ર ઘટનાને યહૂદી વિરોધી આતંકવાદનું ઘૃણાસ્પદ કૃત્ય ગણાવ્યું છે. યુએસ સત્તાવાળાઓ આ ગુનાહિત કૃત્ય માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરશે.

# નામોશીભરી હાર બાદ પણ પાકિસ્તાની સેનાની ગીધડ ધમકી: અમે ભારત સાથે યુધ્ધ કરવા તૈયાર

ઈસ્લામાબાદ,તા.૨૨

પાકિસ્તાને તાજેતરમાં જ તેના આર્મી ચીફ જનરલ અસીમ મુનીરને ફિલ્ડ માર્શલના હોદ્દા પર બઢતી આપી છે, જે દેશમાં સર્વોચ્ચ પદ માનવામાં આવે છે. આ પ્રમોશન સાથે, અસીમ મુનીર પાકિસ્તાનના ઈતિહાસમાં ફિલ્ડ માર્શલનો હોદ્દો મેળવનારા બીજા લશ્કરી અધિકારી બન્યા છે. તેમના પ્રમોશન પછી પાકિસ્તાની સેનાએ ફરી એકવાર ભારતને ધમકી આપી છે. સેનાએ કહ્યું છે કે ભારત આગ સાથે રમી રહ્યું છે, જો જરૂર પડે તો ભારત સાથે યુદ્ધ શક્ય છે. પાકિસ્તાનના ડીજીઆઈએસપીઆરએ તો ત્યાં સુધી કહ્યું કે જો જરૂર પડે તો યુદ્ધ શક્ય છે અને અમે હંમેશા ભારત સાથે યુદ્ધ માટે તૈયાર છીએ.

પાકિસ્તાનની શાહબાઝ સરકારે જનરલ અસીમ મુનીરને ફિલ્ડ માર્શલ બનાવ્યા છે. આ મોટો નિર્ણય બીજા કોઈએ નહીં પણ શાહબાઝ સરકારના મંત્રીમંડળે લીધો છે અને તેની જાહેરાત કરી




છે. મુનીર ફિલ્ડ માર્શલ બન્યા બાદ પાકિસ્તાનમાં ભય અને આશ્ચર્યનું વાતાવરણ છે. ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈ આનો સખત વિરોધ કરી રહી છે. પાર્ટી સમર્થકોનું કહેવું છે કે મુનીરના ફિલ્ડ માર્શલ બનવાથી ઈમરાન ખાન ક્યારેય જેલમાંથી બહાર આવી શકશે નહીં. પાકિસ્તાનમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે આર્મી પોસ્ટ છોડવાનું ટાળવા માટે, મુનીરે ફિલ્ડ માર્શલની યુક્તિ રમી છે કારણ કે ફિલ્ડ માર્શલ ક્યારેય નિવૃત્ત થતા નથી.

અસીમ મુનીરના ખભા પર વધુ એક સ્ટાર છે અને હવે તેનો યુનિફોર્મ પાંચ સ્ટારનો હશે. પરંતુ પાકિસ્તાનમાં આનો વિરોધ શરૂ થઈ ગયો છે.

# અમરેલી ભારે વરસાદની આગાહી : ગુજરાતમાં ૭ દિવસ સુધી વરસાદી માહોલ રહેશે

ગાંધીનગર,તા.૨૨



ગુજરાતમાં છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે નૈઋત્યના ચોમાસાના આગમન પહેલા જ રાજ્યમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૭ દિવસ ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ૫૦-૭૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાની અને ગાજવીજ સાથે ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેવામાં રાજ્યના મુખ્યમંત્રીએ એલર્ટવાળા જિલ્લાના વહીવટીતંત્રને સતર્કતા રાખવા સૂચના આપી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી ૨૮ મે સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ૧૨થી વધુ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની સંભાવના છે, ત્યારે આજે શુક્રવારે એટલે કે ૨૩ મેથી ૨૫ મે દરમિયાન રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, ભરૂચ, સુરત, તાપી, નર્મદા, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# રાજસ્થાનથી ગુજરાતના ૧૮ રેલવે સ્ટેશનનું પ્રધાનમંત્રીના હસ્તે વર્ચ્યુઅલી લોકાર્પણ

**લીંબડી ગામે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજર રહ્યા**

અમદાવાદ,તા.૨૨





રાજસ્થાનના બિકાનેરથી PM નરેન્દ્ર મોદીએ ગુરૂવારે ભારતભરનાં ૧૦૩ રેલવે સ્ટેશનનું વર્ચ્યુઅલી લોકાપર્ણ કર્યું છે, જેનું અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ નવીનીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતનાં ૧૮ રેલવે સ્ટેશનનો સમાવેશ થાય છે. ગુજરાતના ૧૮ પૈકી લીંબડી રેલવે સ્ટેશનના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ લીંબડી હેલિપેડથી કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા. જેમનું હેલિપેડ ખાતે આગમન થતાં મહાનુભાવો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત તથા અભિવાદન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે માત્ર મોટા માળખાઓ ઉભા કરી દેવા એવી પ્રણાલીને પ્રધાનમંત્રીએ જડમૂળથી બદલી નાખી છે. જેમ કે રેલવે અને રોડ સહિતની પરિવહન સેવાને વધુ સુવિધાયુક્ત બનાવીને ઈઝ ઓફ લિવિંગ બનાવવાનો અભિગમ તેમણે અપનાવ્યો છે.

# છેલ્લાં ૨૪ કલાકમાં અમદાવાદમાં કોરોનાના ૪ નવા કેસ, આરોગ્ય વિભાગ સક્રિય

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪ નવા કેસ નોંધાયા છે. શહેરના તમામ દર્દીઓ પૈકી એક ૮૪ વર્ષીય પુરુષ હોસ્પિટલમાં દાખલ છે. બાકીના તમામ અન્ય દર્દીઓ હાલમાં હોમ આઈસોલેશનમાં છે. તો કડીમાં પણ એક યુવક પોઝિટિવ છે. મે મહિનામાં કોરોનાના કેસમાં ઉછાળો નોંધાયો છે. મે મહિનામાં ૩૮ કેસ નોંધાયા છે. જે પૈકી ૩૧ કેસ એક્ટિવ છે. આ સાથે AMC સંચાલિત SVP, શારદાબેન અને એલ.જી. હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ ઊભા કરાયા છે. ગુજરાતમાં વકરી રહેલા કોરોનાને લઈ આરોગ્ય વિભાગ સક્રિય થઈ ગયું છે. ગુજરાતની હોસ્પિટલોમાં આઈસોલેશન વોર્ડ તૈયાર કરાઈ રહ્યા છે તો ઓક્સિજન ટેન્ક, પીપીઈ કિટ, વેન્ટિલેટર, દવાઓ સહિતની વ્યવસ્થા ઊભી કરાઈ રહી છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ૧૨૦૦ બેડની હોસ્પિટલ અને ૨૦ હજારની બે ઓક્સિજન ટેન્ક તૈયાર રાખવામાં આવી છે.

# વેરાવળમાં પ્રેમ પ્રકરણનો કરૂણ અંજામ આવ્યો યુવક-યુવતીએ સજોડે આપઘાત કરતા ચકચાર

ઉના, તા.૨૨

વેરાવળની હરસિદ્ધિ સોસાયટીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક યુવક અને યુવતીએ સજોડે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. આ ઘટના વહેલી સવારે સ્થાનિક લોકોના ધ્યાને આવતા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને બંને મૃતદેહને પી.એમ. અર્થે વેરાવળ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પ્રાથમિક તપાસમાં મૃતક યુવક અને યુવતી બંને ખારવા સમુદાયના હોવાનું સામે આવ્યું છે. યુવકનું નામ ભારાવાલા કમલેશ કિશનભાઈ (ઉ.વ. ૩૧) અને યુવતીનું નામ નંદની વેળજીભાઈ કુહાડા (ઉ.વ. ૨૧) હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે બંનેના પરિવારજનોને જાણ કરી વધુ તપાસ હાથ ધરી છે. જોકે, સ્થાનિક કક્ષાએ આ ઘટના પ્રેમ પ્રકરણને કારણે બની હોવાની ચર્ચા ચાલી રહી છે.



તસવીર : કૈલાશ ભટ્ટ

**પ્રેમીપંખીડાના મોત અંગે પરિવારજનોને જાણ કરવામાં આવી**

# ગોંડલની સ્થિતિથી ગુહ રાજયમંત્રીને વાકેફ કરતા પાટીદાર નેતા અલ્પેશ કથીરીયા

રાજકોટ,તા.૨૨



રાજકોટ જિલ્લાના બન્ની ગજેરા કેસમાં પોલીસ કસ્ટડીમાં રહેલા પીયૂષ રાદડિયાની તબિયત લથડતાં તેને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જેના ખબરઅંતર પૂછવા માટે આવેલાં જિગીષા પટેલે જયરાજસિંહ જાડેજા અને ગણેશ ગોંડલ પર આક્ષેપો કરતાં કહ્યું હતું કે પિતા-પુત્ર સામે જે પડે તેને ફસાવવા માટેની મોડસ ઓપરેન્ડી કરવામાં આવે છે. તો બીજી તરફ અલ્પેશ કથીરીયાએ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને મળીને ગોંડલની સ્થિતિથી વાકેફ કર્યા હતા.

# વાવાઝોડાના ખતરાને ધ્યાને લઈ માછીમારોને પરત ફરવા સૂચના

ઓખા,તા.૨૨

ગુજરાત પર વાવાઝોડાનો ખતરો મંડરાઈ રહ્યો છે. હવામાન વિભાગે વાવાઝોડા અંગે નિવેદન આપ્યું હતું. અરબી સમુદ્રમાં લો પ્રેશર બિલ્ટ અપ થઈ ગયું છે. જે આગામી ૩૬ કલાકમાં ડિપ્રેશનમાં ફેરવાઈ શકે છે. જેના કારણે હવાની ગતિમાં વધારો થશે. લો પ્રેશરને કારણે ગુજરાતના કેટલાક વિસ્તારો સહિત સૌરાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે. બીજી તરફ ઓખા કોસ્ટગાર્ડ દ્વારા માછીમારોને એલર્ટ કરવામાં આવ્યાં છે. અરબ સાગરમાં સર્જાયેલા લો પ્રેશરને કારણે વાવાઝોડાની સંભાવનાઓ છે. જેને લઈને ઓખા કોસ્ટગાર્ડ દ્વારા માછીમારોને સાવચેત કરવામાં આવ્યાં છે. ઓખા, રૂપેણ અને સલાયા બંદર પર એલર્ટ આપી દેવામાં આવ્યું છે. અરબ સાગરમાં સર્જાયેલા લો પ્રેશરને કારણે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અસર થઈ શકે છે. તમામ માછીમારોને સાવચેતી રાખવા જણાવાયું છે. આગામી સૂચના ન મળે ત્યાં સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. દરિયામાં માછીમારી કરવા ગયેલા માછીમારોને આવતીકાલ સાંજ સુધીમાં પાછા ફરવાની સૂચના અપાઈ છે.